॥ श्री जिनेन्द्राय नमः ॥

# જૈન કન્યા શિક્ષણ.

## મણકો ૧ લો.

લેખક,


શ્રી લીંબડી સંપ્રદાયના પૂજ્ય શ્રી મોહનલાલજી

સ્વામિના શિષ્ય, મુનિશ્રી મણીલાલજી સ્વામી.



છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

કોઠારી બાદરમલ મંગળજીભાઈ.

પાલણપુર.

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦.

વીર સંવત ૨૪૪૧. સંવત ૧૯૭૧.

કિંમત રૂ. ૦-૩-૦.

॥ श्री जिनेन्द्राय नम ॥

જૈન બાળાઓને નીતિ, વ્યવહાર અને
ધર્મનું શિક્ષણ લેવા લાયક
સ્વાલ જવાબ રૂપે

# જૈન કન્યા શિક્ષણ.

મણકો ૧ લો.

લેખક,
શ્રી લીંબડી સંપ્રદાયના પૂજ્ય શ્રી મોહનલાલજી
સ્વામિના શિષ્ય, મુનિશ્રી મણીલાલજી સ્વામી.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,
કોઠારી બાદરમલ મંગળજીભાઇ.
પાલણપુર.

આવૃત્તિ ૧ લી — પ્રત ૫૦૦.

વીર સંવત ૨૪૪૧. — સંવત ૧૯૭૧.

કિંમત રૂ. ૦-૩-૦.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.
ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

# અર્પણ પત્રીકા.

**પરમ પવિત્ર ગુણવંત ગુણના ભંડાર શ્રી લીંબડી સંપ્રદાયનાં પૂજ્યશ્રી ગોપાળજી સ્વામિના શિષ્ય મુનિ શ્રી મણીલાલજી સ્વામિ.**

આપે આ પાલણપુર સ્થળે મહા લાભ આપવા ઘણાજ ઉત્સાહપૂર્વક ચાતુર્માસ કરી જૈન બાળાઓના હિતાર્થે આ લઘુ પુસ્તક ઘણો શ્રમ લઇ તૈયાર કર્યું, તે બાબત આપનો આ સમાજ ઉપર બેહદ ઉપકાર થયો છેઃ આવા આપના ગુણથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપનાંજ ચરણકમળમાં અર્પણ કરૂં છું.

લી. આપનો આભારી સેવક,

**કોઠારી બાદરમલ મંગળજીની**

સવિનય વંદણા સ્વિકારશોજી.



# પ્રસ્તાવના.

આ નાનકડું પુસ્તક જૈનસમાજના પવિત્ર કર-કમલમાં મૂકતાં માત્ર થોડાક બોલ લખવા રજા લઉં છું. દરેક ન્હાની બાળકીયો કે જે મોટી વયે અનેક બાળકોની માતા થઈ શ્રાવિકા ધર્મમાં આવે તે પહેલાં તેમને લૌકિક અને લોકોત્તર ધર્મ સંબંધી પ્રાથમિક શિક્ષણ આપવું જોઈએ, અને તે ન્હાની વયમાં ઉછરતાં કુમળા અવયવોવાળાં બાળકોનાં મગજ ઉપર સારી અસર થવા આ પુસ્તકનો આરંભ કરવાનો હેતુ છે; માટે આ પુસ્તકમા બાળજીવોને ઉંચી દશા પ્રાપ્ત થવા, વિનય અને વિવેક સાથે સત્ય અને નીતિનું ઊંચું શિક્ષણ પાઠરૂપે આપેલું છે, અને તે દરેક જૈનપાઠશાળામાં ચલાવવા યોગ્ય છે. પાઠશાળાના શિક્ષકે બાળાઓને વાંચન સાથે મનન અને નિદિધ્યાસન જરૂર ધ્યાનપૂર્વક કરાવવુ જોઇએ.

આ પુસ્તક શ્રી લીંબડી સંપ્રદાયના પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી ગોપાળજી સ્વામિના પ્રશિષ્ય મહાપુરૂષ શ્રી ૭ શ્રી મણીલાલજી સ્વામી જેઓ ત્યાગ–વૈરાગ્યમાં ઘણીજ ઉંચા પ્રકારની ક્રિયા કરી, પોતાનું ચારિત્ર્યરત્ન શોભાવી રહ્યા છે, તેઓની પવિત્ર કલમથી લખાયેલું છે.

અત્રે મહારાજશ્રીના આ સાલના ચાતુર્માસ વખતે આ પુસ્તક અત્રેના મહાશયજી કોઠારી બાદરમલભાઈ મંગળજીભાઇની તિવ્ર જીજ્ઞાસાથી તેમનાં માતુશ્રી નાથીબાઇની યાદગીરીમા તેઓના ઉદાર ખરચે છપાવી પ્રગટ કરવામા આવ્યું છે, તે ખાતે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

આ પુસ્તકની કીંમત માત્ર રૂા. ૦–૩–૦ રાખવામાં આવી છે, પણ તેના કદના પ્રમાણમાં બહુજ થોડી છે. વળી તેની કીંમતમાંથી જે ઉપજ થાય તે ઉપરોક્ત મહાશયે શ્રી પાલણપુર લોં૦ સ્થાનકમાર્ગી જૈન પુસ્તકાલયને અર્પણ કરી છે, એટલે એક પંથ ને દો કાજ થયા.

બહારગામથી મંગાવનાર મહાશયોએ ટપાલ ખર્ચ જૂદું સમજવુ

આ પુસ્તક લખવામાં તથા છપાવી આપવા વિગેરેમા કોઠારી મલુકચંદભાઇ તથા ભણુસાલી જીવાભાઇ ઇશ્વરભાઇ તથા મેતા કાલીદાસ ગોદડભાઇ તથા મુનિશ્રી ત્રીભોવનજી સ્વામિએ તસ્દી લઇ જે આત્મભોગ આપ્યો છે તે બદલ અમે તેમના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

આ પુસ્તકનાં પ્રુફ સુધારવામાં લિંબડી નિવાસી (હાલ અમદાવાદ) સંઘવી વાડીલાલ કાકુભાઈએ જે મહેનત લીધી છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

પાલણપુર,<br>કાતિક પૂર્ણિમા ૧૯૭૧.

લી. મુમુક્ષુ.



॥ श्री जिनेन्द्राय नमः ॥

## જૈનબાળાઓને નીતિ, વ્યવહાર અને ધર્મનું શિક્ષણ લેવા લાયક, સ્વાલ જવાબ રૂપે,

# જૈન કન્યા શિક્ષણ.

## મણકો ૧ લો

### ગરબી.

( દેર ઘરે દેરાણી નાનેરૂં બાલ રે, મ્હોલુમા બીકુ લાગશે રે લોલ–એ રાગ )

ઉઠો બ્હેનો ઉદ્યમી થાઓ આ ઠાર રે,
શિક્ષાઓ સારી ધારવા રે લોલ;
અવળા આચરણ કાઢો અપાર રે,
વેગેથી કર્મ ટાળવા રે લોલ. ૧
અન્યાય અનીતિ મુકો અલિક રે,
ચોરીઓ દામ ચામની રે લોલ;
વિકથા મુકો વૃત્તની માંય રે,
ઠાલી એ ઠામોઠામની રે લોલ. ૨

નાટક ચેટક મેળા ને ખેળા રે,
જોવા ન જવું જુવતી રે લોલ,
જોતાં જોતાં જુવતી જાણો જરૂર રે,
ખચુસ શીળ ખુવતી રે લોલ 3
કજીયો ને કલેષ મુકી કુસપ રે,
ઝેરને તજો ઝટ દઈ રે લોલ,
વેરને વધતા વનીતાઓ જાણ્ય રે,
લક્ષ્મીને લજ્જા ગઈ રે લોલ. ૪
તીરથરૂપી માત-પીતા રે,
ભોજાઈ લઘુ ભાઇ બડો રે લોલ,
જુક્તેથી જેઠ ને જેઠાણી જાણ્ય રે,
નણંદ સાથે નહી લડો રે લોલ ૫.
સાસુને નમાવી શીઘ્રથી શીશ રે,
વિનય કરો વેગથી રે લોલ,
કુળવંતી કામની દિપાવો કુળ રે,
તુરત તમે તેગથી રે લોલ. ૬
સજો સજો શીયળરૂપી શણગાર રે,
વિચાર માઠા વાર્યને રે લોલ;

પરજ ૧૧

અનોપમ આજ્ઞારૂપી આભુષણ રે,
ધરોને ધીર્ય ધાર્યને રે લોલ. ૭.
જેથી દિવ્ય કાન્તિ દીપે અપાર રે,
ખસુસ પતિ ક્ષોભતા રે લોલ,
સંપને સજતા જગતમાં જાણ્ય રે,
સુંદરી બહુ શોભતા રે લોલ. ૮.
પાળો પાળો પતિવૃત્તા વૃત્ત પ્રેમે બાળ રે,
કઠણ કર્મ કાપવા રે લોલ;
મેળવોને મનોહર મુક્તિનું સુખ રે,
અવિચળ પદ પામવા રે લોલ. ૯.
દારાઓ દ્વી પક્ષ ઉજાળી આપ રે,
શિયળ શુદ્ધ પાળજો રે લોલ;
શુદ્ધ ભાવે સમકીત શેવી સાર રે,
મિથ્યાત્વ મૂળ ટાળજો રે લોલ ૧૦.
પામી પામી પાલણપુરમાં સુખ રે,
સરસ શુભોદરી રે લોલ,
કહે કહે મુનિ મણીલાલ એહ રે,
શિખામણ ગ્રહો સુંદરી રે લોલ. ૧૧

## પાઠ ૧લો. વિનય ૧.

સ્વાલ—કહો બ્હેનો! વિનય એટલે શું?

જવાબ—સર્વની સાથે નમ્રતાથી વર્તવું તે.

સ્વાલ—વિનય કેટલા પ્રકારે, અને કયાં કયાં?

જવાબ—વિનયના બે ભેદ. ૧. લોકીક વિનય, ૨ લોકોત્તર વિનય.

સ્વાલ—લોકીક વિનયના કેટલા ભેદ, અને કયા કયા?

જવાબ—લોકીક વિનયના બે ભેદ ૧ દ્રવ્યથી, ૨ ભાવથી.

સ્વાલ—દ્રવ્યથી લોકીક વિનય કોને કહેવો?

જવાબ—અહંકાર વર્જી સર્વ મનુષ્યો સાથે નમ્રતા રાખવી તે

સ્વાલ—બ્હેનો! કહો જોઇએ વારૂ, ભાવથી લોકીક વિનય કોને કરવો?

જવાબ—માતા, પિતા, ભાઇ, ભોજાઈ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી, દેવર, દેરાણી, નણંદ અને પતિ વિગેરે સર્વ સ્નેહીઓની સાથે નમ્રતાથી વર્તવું

તે. લોકીક ભાવ વિનય શાસ્ત્રમાં કહેલ છે.

સ્વાલ--શાબાશ બ્હેનો શાબાશ. કહો જોઇએ વારૂ, માતા, પિતા, અને બંધુઓનો વિનય કેમ કરવો?

જવાબ—સુજ્ઞ બાળાઓએ પ્રાતઃકાળમાં વ્હેલા ઉઠી માતા, પિતા, અને ભાઈ, ભોજાઇઓને નમ્રતાથી નમન કરી, શુભાશિષ મેળવવી, સદ્‌રસ્તે પ્રવર્તવું; પરંતુ તેઓની આજ્ઞા વિરૂદ્ધ એક પણ આચરણ આચરવું નહી.

---

## પાઠ ૨જો. વિનય ૨.

સ્વાલ--સાસુ સસરાજીનો વિનય શી રીતે કરવો?

જવાબ—જેમ પુત્રને પોતાના માતા પિતા તીર્થરૂપ છે, તેમજ સ્ત્રીઓને સસરો, સાસુ, જેઠ, જેઠાણી, વિ-ગેરે વડીલો તીર્થરૂપ છે. માટે ખરૂં તીર્થ તેમને માની, તેમની ખરા અંતઃકરણથી સેવા-ભક્તિરૂપ વયાવચ્ચ કરી તેમની આજ્ઞાએ પ્રવર્તવું, એજ અમારો ખરો વિનય સમજવો.

સ્વાલ—પતિનો વિનય શી રીતે કરવો?

જવાબ--માન અને અહંકાર તજી નમ્રતા ધારણ કરી, પતિને ઇશ્વર તુલ્ય ગણવા, અને આપણને પતિએ સદ્ રસ્તે ચાલવાને જે જે સુશિખામણો આપી હોય તે પ્રમાણે ચાલવું, તેજ પતિ પ્રત્યેનો વિનય સમજવો.

સ્વાલ—સ્વ કુટુંબોનો વિનય કેમ કરવો?

જવાબ—સ્વ કુટુંબાદિક સાથે સભ્યતાથી વર્તિ, તેઓને બહુ માન દેવું, તે સ્વ કુટુંબ વિનય સમજવો.

શાબાશ બ્હેનો! લૌકિક વિનયમાં તો તમારી હુંશીયારી બહુજ સારી થઈ જણાય છે ખરી, પરંતુ હવે લોકોત્તર વિનયનુ સ્વરૂપ જણાવો જોઇએ વારૂ

## પાઠ ૩. લોકોત્તર વિનય.

સ્વાલ—લોકોત્તર વિનય કોને કહેવો બ્હેનો?

જવાબ—આ જગતમાં જે દેવ, ગુરૂ, અને ધર્મમાં પ્રધાન દેવ, પ્રધાન ગુરૂ, અને પ્રધાન ધર્મનો વિનય કરવો, તે લોકોત્તર વિનય

સ્વાલ—પ્રધાન દેવ, પ્રધાન ગુરૂ, પ્રધાન ધર્મ કયો સમજવો?

જવાબ—રાગદ્વેષ રહિત અરિહંત દેવ, તે પ્રધાન દેવ સમજવા. દ્રવ્યે પરીગ્રહ રહિત, અને ભાવે કષાયાદિક દુર્ગુણને જીતે તેજ પ્રધાન ગુરૂ જાણવા, અને સર્વજ્ઞ પ્રણીત અહીંસા મૂળ જે ધર્મ તે પ્રધાન ધર્મ સમજવો

સ્વાલ—અરિહંત દેવનો વિનય શી રીતે કરવો?

જવાબ—ચોત્રીસ અતીશય અને પાત્રીસ પ્રકારની વાણીયુક્ત રાગદ્વેષ રહિત જે અરીહંતદેવ બિરાજતા હોય, ત્યારે તેમને દેખી મનને પ્રફુલ્લીત કરવું, તે મન વિનય, અને અરીહંતદેવની વાણીને

ઝીલી હૃદયમાં ઉતારી અન્યના મનમાં ઠસાવવી તે વચન વિનય, અને કાયાવડે અવિનયાદિક તેત્રીસ અશાતના વર્જવી તે અરીહંત દેવનો કાયા વિનય સમજવો.

સ્વાલ—નિગ્રંથ ગુરૂનો વિનય શી રીતે કરવો?

જવાબ—ગુરૂ મહારાજને દેખી મન પ્રફુલ્લીત કરવું, વચન વડે સુખશાતાદિક પુછવું, અને કાયાવડે ગુરૂ પધારે ત્યારે ઉભા થઈ પાંચ સાત પગલાં સામા જઈ, ત્રણ પ્રદક્ષણા દઈ ભાવ સહિત નમસ્કાર કરી, નિર્દોષ આહારાદિક ૧૪ પ્રકારનું દાન દેવું, અને જ્યારે ગુરૂ પાછા પધારે ત્યારે પાંચ સાત પગલાં વળાવવા જવું, તેજ ગુરૂ વિનય જાણવો.

સ્વાલ—ધર્મનો વિનય શી રીતે કરવો?

જવાબ—ધર્મ કરવાવાળા પ્રાણીઓએ અહંકારાદિક સર્વ દૂર્ગણો દૂર મુકી ઉપયોગ સહિત શુદ્ધ ભાવે ધર્મ કરણી કરવામાં પ્રવર્તવું તેજ ધર્મનો વિનય સમ-

જવો, પરંતુ ધર્મ ધ્યાનાદિક સંવર કરણી વખતે મુહુપત્તિ મુખે બાંધ્યા સિવાય ઉઘાડે મુખે બોલવું, કટાશણાદિક જોયા વિના વાપરવા, અવિધિએ સામાયિકાદિક લેઇ પારકી નિંદ્યાદિક કર્ત્તવ્ય કરવું તે સર્વ ધર્મનો અવિનય સમજવો, માટે વિકથાદિક વર્જિ શુદ્ધ ઉપયોગે સંવર કરણી કરવી તે ધર્મનો વિનય.

સ્વાલ—સ્વધર્મી બ્હેનોનો વિનય કેમ કરવો ?

જવાબ—સ્વધર્મી બ્હેનોનું બહુ માન વધારી નમ્રતાપૂર્વક આપણી શક્તિ અનુસાર કાંઇપણ આપવું તે સ્વધર્મી બ્હેનોનો વિનય સમજવો.

સ્વાલ--વિનયની વૃદ્ધિ થવાથી શુ ગુણ વધે ?

જવાબ--વિવેકની વૃદ્ધિ થાય, તેથી સંસાર વ્યવહાર અને ધર્મ વ્યવહાર બંને સુધરી જાય છે.

## પાઠ ૪થો. વિવેક.

સ્વાલ--કહો બ્હેનો ! વિવેક કોને કહેવો ?

જવાબ--સઆચરણ આચરવાં તેજ વિવેક સમજવો

સ્વાલ--સદ્ આચરણ ક્યા ક્યા બ્હેનો ?

જવાબ--ન્યાય અને નીતિને રસ્તે પ્રવર્તવું નીતિનો રસ્તો મુકી વિશ્વાસઘાત કરવો નહીં, જુઠું બોલવુ નહીં, ચોરી કરવી નહીં, વ્યભિચાર, નિંદા, ઈર્ષા, ઝેર, વેરાદિક કોઈ સાથે ન કરવા, તે સદ્આચરણ સમજવા.

સ્વાલ--અન્યાય, અનીતિ કરવાથી શુ નુકશાન થાય બ્હેનો ?

જવાબ--સુખ, સંતતિ અને સાહ્યબી સમૂળગી જતી રહે છે

સ્વાલ—વિશ્વાસઘાત કરવાથી શુ થાય ?

જવાબ--ન્યાયને રસ્તે આપેલ વચન, યા કાંઇ પણ આપવું કહીને પછી ફરી જવાથી આગલાના પ્રાણ હરણ કર્યા જેટલું પાપ લાગે છે

સ્વાલ—જુઠું બોલવાથી શું થાય ?

જવાબ--આપણી લોકમાં ઇજ્જત જાય છે અને પછી પતીયાર રહેતો નથી, માટે જુઠું ન બોલવું.

સ્વાલ--ચોરી કરવાથી શુ થાય ?

જવાબ--રાજગુન્હો લાગુ પડવાથી જેલમાં જવું પડે છે, અને લોકમાં લાજ રહેતી નથી; તેથી આપણને કોઈ પાસે ઉભુ રાખતું નથી, માટે ચોરી કરવી નહિ

સ્વાલ--પર પુરૂષ સાથે ગમન કરવાથી શુ થાય ?

જવાબ--પડની અને પૈસાની ખરાબી થાય છે, અનેક પ્રકારનાં રોગો ઉત્પન્ન થાય છે, અને સ્વ પતિને સેકડો શખ્સ રૂબરૂ અન્ય શખ્સને નહિ સેવવાનું આપેલ વચન તુટે છે જેથી નરકાધિકારી થવાય છે

સ્વાલ--નિંદ્યા અને ઇર્ષા કરવાથી શુ થાય ?

જવાબ--પારકી નિંદ્યા કરવાથી આપણને ખટપટીઆ કહે છે, અને ઇર્ષાથી કોઇનું સુખ જોઇ શકાતું નથી, શરીર બળ્યાજ કરે છે, અને મહા ચીકણા

કર્મ બંધાય છે; માટે નિંદા, ઇર્ષા, કરવી નહિ.

સ્વાલ--ઝેર-વેર, કરવાથી શું થાય?

જવાબ—કુસંપની વૃદ્ધિ થવાથી લક્ષ્મીનો નાશ થાય છે.

સ્વાલ--દુર્ગુણો દુર કરવાથી શુ લાભ મળે ક્હેનો?

જવાબ--દુર્ગુણો દુર કરવાથી સદ્ગુણ શરીરમાં આવે છે, અને સદ્ગુણ પ્રાપ્ત થવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

---

## પાઠ ૫ મો. વ્યવહારિક જ્ઞાન. ૧.

સ્વાલ—વ્યવહારિક જ્ઞાનથી શુ લાભ થાય?

જવાબ—વ્યવહારિક જ્ઞાન જો પ્રથમ મળ્યું હોય તો પિયરમાં અને સાસરામાં કેમ પ્રવર્તવું વિગેરે સારી સારી શીખામણોની વૃદ્ધિ થાય છે, અને તે શીખામણ પ્રમાણે પ્રવર્તતા આ લોકનું શ્રેય સધાય છે અને આ લોકનું શ્રેય થયેલું હોય તોજ પરલોકના શ્રેય માટે ધર્માદિક કર્ત્તવ્યમાં અડચણો નડતી નથી, માટે પ્રથમ પિયરમા અને સાસરામાં કેમ વર્તવું તે શિખવાની આવશ્યકતા છે.

સ્વાલ—સુજ્ઞ બાળાઓએ માતા, પિતાને તિર્થરૂપ ગણી તેમની શું આજ્ઞાએ પ્રવર્ત્તવું તે તો તમો સારી રીતે જાણો છો, પરંતુ ભોજાઇ સાથે કેમ પ્રવર્ત્તવું?

જવાબ—ભોજાઇને માતા તુલ્ય ગણી તેઓની સાથે કદી પણ કલેશ કરી ગાળો ભાંડવી નહિ, પરંતુ તેઓની સાથે નમ્રતા રાખી પ્રીતિનો વધારો કરવો એજ અમારૂં કર્ત્તવ્ય છે એમ જાણવું; પણ ભોજાઇની ખાનગી વાત સાભળી, માતા-પિતા અગર ભાઇને કહી કલેષ ઉત્પન્ન કરાવવોજ નહી.

સ્વાલ—ત્યારે શુ તેઓની ગુપ્ત વાતો સાંભળવી ખરી કે?

જવાબ—નાજી. કદી પણ ગુપ્ત વાતો સાંભળવીજ નહિં. કેમકે તે તો ઠગાઇ કરવા જેવું છે. નીતિશાસ્ત્રનું વાકય છે કે જયાં બે જણ વાત કરતાં હોય ત્યાં ઉભા રહેવુંજ નહિં.

સ્વાલ—શાબાશ બ્હેનો, તે વાત ખરી છે પણ કદાચ બાલભાવથી ગુપ્ત વાત સાંભળી હોય તો શુ કરવું?

જવાબ—તે વાત આપણા હૃદયમાંજ ઉતારવી અને

એવો વિચાર કરવો કે એક વખત હું કોઇકની ભોજાઈ થઈશ ખરી, તો તે વખતે મારી નણંદ મારી ગુપ્ત વાત સાંભળી, મારા સાસુ સસરાદિકને કહી કલેશ ઉત્પન્ન કરાવે તે વખતે મને ખોટું લાગે, તેટલુંજ હું મારી ભોજાઇની વાત બીજાને કહી, કલેશ ઉત્પન્ન કરાવું તો તેને પણ ખોટું લાગશે એમ જાણવું

સ્વાલ—ભોજાઇ આદિકને ગાળો ભાંડી કલેષ કરવો કે કેમ ?

જવાબ—નાજી, કદાચ વડીલ છે ને આપણને કટુ વચન કહે, તો સાંભળી સદ્ રસ્તે પ્રવર્ત્તવું, પણ સામું બોલી ગાળો ભાંડી કલેષ કરવો નહી પરંતુ એ વખતે એવો વિચાર કરવો કે એક વખત હું પણ ભોજાઇ થઈશ, તે વખતે મારી નણંદ મને ગાળો ભાંડી પિયરીઆને શ્રાપ આપે તો મને જેટલું વસમું લાગે, તેટલુંજ જો હું ભોજાઇ આદિકને ગાળો ભાંડી શ્રાપ દઉ તો તેમને પણ

ખોટું લાગશે, માટે ગાળો દેવીજ નહી.

સ્વાલ—ભોજાઇ આદિક અવળે રસ્તે ચાલતા હોય, ને તે વાત તમારા જાણવામાં આવે તો કેમ કરો બ્હેનો ?

જવાબ—આપણી શક્તિ અનુસાર નીતિશાસ્ત્રના બોધક દ્રષ્ટાંત આપી અવળે રસ્તે જતા અટકાવવા પ્રયત્ન કરવોજી.

સ્વાલ—કોઇ બોધ દેવા લાયક કવિતા આવડતી હોય તો બોલો જોઇએ વારૂ ?

જવાબ—જી હા, સાંભળોજી

---

## સ્ત્રીઓને શીખામણ વિષે.

( રઘુપતિ રામ રૂદેમા રેજો રે )

શાણી શિખ સુણો બેની મારી રે,
સજો શિયળ રૂપી શણગારી રે,
દેહી દીપે દિવ્ય તમારી,
સુણો સખી શિખ એ સુખકારી રે,
આત્મ અવગુણ દુર નિવારી. સુણો. એ ટેક. ૧.

ભુષણ ભામની ભડકા જાણો રે,
અંગે અંબર એહી પ્રમાણો રે,
શિયળ નિર્મળ વિણ દુઃખ ખાણો   સુણો.   ૨.
કર કંકણ હેમની ચુડી રે,
પતિ પ્રેમ વિના નહી રૂડી રે;
અંતે આવશે નરકની કુંડી   સુણો   ૩

પતિ આજ્ઞા પ્રેમથી પાળો રે,
ઓળી કેશ અંબોડો વાળો રે;
સેથો શિક્ષાનો શુભ ઉજાળો   સુણો.   ૪.
હઠ મુકી પેરો હૈયા હાર રે,
પતિ પ્રેમ પટકુળ સાર રે,
શિળ શણગાર શોભે અપાર.   સુણો.   ૫.

ચોર જાર ને ચાડીયા તજીએ રે,
ભગવંત તુલ્ય પતિ ભજીએ રે;
સુખકારી સદા સપ સજીએ.   સુણો.   ૬
કામ કુલ્ટા કરમ કરનારી રે,
યોગણ માલણ ને કુંભકારી રે,

સાસુ શિક્ષા ઉરે અવધારી. સુણો. ૭
નિજ ઘરની નવીન ગુઝ લઇને રે,
સાથણ સોબતે ઘેલી થઇને રે,
પેટ ફોડી પ્રકાશો ન જઇને. સુણો. ૮
કદી અધિકો ઇંદ્રથી ઓપે રે,
પર પુરૂષથી ચિત્ત પ્રકોપે રે,
સતી સાધવી શીળ ન લોપે રે. સુણો. ૯
કાણો કોઢી કદરૂપ હોઇ રે,
પતિ પ્રભુ ગણે સતિ સોઈ રે;
લજા શ્રેષ્ટ ગણે સબ કોઇ. સુણો. ૧૦.
બેની એહ શિખામણ સારી રે,
પર પુરૂષ પ્રેમ નિવારી રે,
પ્રેમે પતિ ભક્તિ અંગિકારી સુણો. ૧૧
કહે મુનિ **મણિલાલજી** મોદે રે,
સુણો વ્યાખ્યાન પર્મ પ્રમોદે રે,
રહી **પડધરી** ગામ વિનોદે. સુણો. ૧૨.

## પાઠ ૬ ઠ્ઠો. વ્યવહારિક જ્ઞાન. ૨.

સ્વાલ—કુમારીકાએ, પરણ્યા પહેલાં કોની આજ્ઞાએ પ્રવર્તવું ?

જવાબ—માતા, પિતા અને બધુની આજ્ઞા વિના કુમારીકાએ ઘરે ઘરે ભટકવુ નહી, કેમકે બહાર ભટકવાથી સ્વચ્છંદીપણું આવી જાય છે માટે આજ્ઞા વિના બહાર જવુજ નહી

સ્વાલ—કહો બ્હેનો ! લોકીક પર્વને દીવસે શુ કરવું ?

જવાબ—પર્વના દીવસે સારા સારા વસ્ત્ર પહેરી માતા પિતાની આજ્ઞા લેઈ પોતાના ધર્મ સ્થાનકે જઈ દેવગુરૂ આદિકની સમક્ષ નિ:સ્વાર્થ બુદ્ધિએ ભક્તિ કરવી, તપસ્યા કરવી અને સામાયિક પ્રતિક્રમણ પોષધ ઇત્યાદિ શક્તિ અનુસાર ક્રિયા કરવી જોઇએ

સ્વાલ—ત્યારે બ્હેન ! અમે તો એવા પર્વને દીવસે કોડીએ રમીને આનદ કરીએ છીએ તે પણ શાસ્ત્રમાં તો હશે ખરૂં વારૂ ?

જવાબ—એમ તે હોય કે બ્હેન, એ તો એક જાતનો

જુગાર છે, અને જુગારને પંડીતોએ સખ્ત વ્યસનમાં ગણેલું છે, માટે ડાહ્યા માણસોએ તે જરૂર વર્જવા જેવું છે, કેમકે પાડવ અને નળ રાજા જેવા મહા સમર્થ પુરૂષોને પણ ઉપરોક્ત જુગાર રમવાથી કેટલું દુઃખ સહન કરવું પડયું છે તે તો જ્યારે તેવા પર્વને દીવસે પ્રમાદ તજીને તેવા સમર્થ પુરૂષોની પતિવૃત્તા સ્ત્રીઓ, જેવાં કે દમયતીજી, દ્રોપદીજી વિગેરેના આખ્યાન વાચવામાં આવે તો જરૂર આપણને લોકીક અને લોકોત્તર ઉભય પ્રકારનો લાભ થાય

સ્વાલ—કહો બ્હેનો! મેળામા, નાટકમા, અને જાહેર મેળાવડાદિકમાં જવું જોઇએ કે કેમ?

જવાબ—અરે બ્હેન! ખરૂં કહો તો ખરેખર લજ્જાહીન માણસોનું એ કર્તવ્ય છે. કેમકે મેળામાં, નાટકમાં, અને મેળાવડામાં હજારો પુરૂષો હોય છે, અને દરેક પુરૂષોની પ્રકૃત્તિ એક સરખી હોતી નથી, તેથી પરિણામે સ્વચ્છંદીપણુ પ્રાપ્ત થાય છે,

અને છેવટે પોતાના કીંમતી બ્રહ્મચર્યને વિષે દોષ લાગવાનો ભય રહે છે માટે પતિવ્રતા થવાની ઇચ્છા રાખનાર બાળાઓએ, પોતાના માતા પીતાની આજ્ઞા વિના અનુચીત પગલું ભરવું નહી. જે મેળાવડામા પુરૂષોનું આવાગમન ન હોય તેવા સ્થળે જવામાં વાંધો નથી.

---

## પાઠ ૭ મો. વ્યવહારિક જ્ઞાન. ૩.

સ્વાલ—પિયરમાં તમો હો ત્યારે તમોને શુ સંબોધીને બોલાવે ?

જવાબ—પુત્રી, દિકરી, બ્હેન કહીને બોલાવે છે.

સ્વાલ—તમો જ્યારે તમારે સાસરે જશો ત્યારે તમોને શું સબોધીને બોલાવશે ?

જવાબ—સાસરે વહુ કહીને બોલાવશે.

સ્વાલ—સાસરે ગયા પછી તમારે પ્હેરવેશ કુંવારાપણામા હતો તેજ રહેશે કે ફરશે ?

જવાબ—જેમ અમારૂં નામ ફરશે તેમ પ્હેરવેશ પણ ફરશે.

સ્વાલ—તમારૂં નામ અને પ્હેરવેશ જ્યારે ફર્યો તો પછી હવે તમારૂં કર્ત્તવ્ય ફરે કે નહિ?

જવાબ—હાજી, હવે અમારૂ કર્ત્તવ્ય પણ ફરેજ.

સ્વાલ—શું શું કર્ત્તવ્ય ફર્યું તે કહો બ્હેનો.

જવાબ—બોલવા-ચાલવામાં સભ્યતા રાખવી અને લજ્જા રાખવા માટે સર્વની મર્યાદા રાખવી પડશે.

સ્વાલ—પરણ્યા પછી ખરી ભક્તિ કોની કરવી?

જવાબ—સાસુ-સસરાની અને પતિ વિગેરે સર્વ વડીલોની ભક્તિ કરવી.

સ્વાલ—સાસુજી વિગેરે વડીલોની આજ્ઞા વિના બાહાર જવું કે કેમ?

જવાબ—વનીત વહુનું એજ લક્ષણ છે કે વડીલોની આજ્ઞા વિના પારકે ઘેર જવું નહિ.

સ્વાલ—બ્હેનો! કહો જોઇએ વારૂ, સાસુજી વિગેરે વડીલોની સાથે કલેશ કરવો કે કેમ!

જવાબ—નાજી સાહેબ. સાસુજી વિગેરે વડીલો અગર ન્હાનાઓની સાથે કદી પણ કલેશ ઉત્પન્ન થાય તેવુ બોલવુજ નહીં, તેમજ તેઓને ગાળો દેવી નહી, વાંકુ બોલવુ નહીં, નિન્દા કરવી નહી, પરંતુ સર્વની સાથે ત્પની વૃદ્ધિ કરીને શુભાશિષ મેળવવી

સ્વાલ—શુભાશિષ મેળવવાથી શુ લાભ થાય ?

જવાબ—વડીલોની શુભાશિષ મેળવવાથી આપણને સર્વ પ્રકારનું સુખ મળવાની સાથ જગતમા કીર્તિ વધે છે

સ્વાલ—બ્હેનો ! જગતમા જશ બોલાવવાથી શુ ફાયદો થાય ?

જવાબ—આપણો જશ થવાથી આપણા માતા-પિતાને ધન્યવાદ દેવાય છે, જેથી માવિત્રોનુ અંતઃકરણ પ્રફુલ્લીત થવાથી શુભાશિષ આપેછે, એ આપણને અપુર્વ ફાયદો થાય છે

સ્વાલ—સાસુજી વિગેરેની દુઆશિષ મેળવવાથી શુ થાય ?

જવાબ—સર્વ પ્રકારનું ભુંડુ થવાની સાથ લોકમાં નિંદ્યાને પાત્ર થવાય છે

સ્વાલ—નિંદ્યા થવાથી આપણને શું નુકસાન થાયછે?

જવાબ—પ્રથમ તો દુનિયાના પ્રાણીઓ, આપણું સારૂં બોલતા નથી, પરંતુ ઢારોઢાર કહેછે કે, અમુક સ્ત્રી તો વઢકણી, કજીયાળી, ખરાબ છે, વિગેરે ઉપનામોથી ઓળખાવે છે, એજ નુકસાન સમજવું વળી માવિત્રોને ભંડાવું પડે છે

સ્વાલ—માવિત્રને ભંડાવાથી શું થાય?

જવાબ—આપણી ખરાબ વર્તણુંક વિષેની વાત જ્યારે માવિત્રો જાણે ત્યારે તેઓને પુષ્કળ દુઃખ થાય છે, અને જ્યારે તેઓ દુઃખી થાય છે ત્યારે તેઓનું અંતઃકરણ બળે છે, જેથી દુઆશીષ આપે છે, અને દુઆશીષને પ્રભાવે આપણું અંશ માત્ર પણ સારૂં થતું નથી

## પાઠ ૮ મો. વ્યવહારિક જ્ઞાન. ૪.

સ્વાલ—કદાચ તમો પુર્વનું એવુંજ કર્મ બાંધીને આવ્યા જેથી તમારા માવિત્રોએ તમોને શોકય ઉપર આપેલ હોય તો શોકય સાથે શી રીતે પ્રવર્તવું?

જવાબ—શોકયને વડીલ બ્હેન ગણી તેમની સાથે નમ્રતા રાખી બતાવેલ આજ્ઞાએ પ્રવર્તવુ, અને વિનય કરી વડીલ બ્હેનને વશ્ય કરવી, અને તેમનું અને આપણું ભલું કહેવાય તેવીજ રીતે વર્તવું; પણ ઝેર, વેર, ઉત્પન્ન થાય તેવા આચરણ આચરવા નહી એજ અમારૂં કર્તવ્ય છે

સ્વાલ—શોકયના સંતાનો સાથે કેમ વર્તવું?

જવાબ—જેવું હેત પોતાના બચ્ચા ઉપર રાખવામાં આવે તેવુંજ હેત શોકયના બાળકો ઉપર રાખવું, પરંતુ તેઓને દુઃખ આપી દુભવવા નહી તેમજ તેઓની સાથે ઝેર રાખી અંગીત વેર વાળવું નહી, કેમકે તેમ કરવાથી કલેશરૂપી કડવાં બીજ વાવવાથી છેવટે કુસંપ વધે છે, કોઇક વખત કોર્ટ

સહવાનો વખત આવે છે, અને જગતમાં અપ-
કીર્તિનો આભાસ થવાની સાથ લક્ષ્મીનો નાશ
થાયછે; માટે શોક્યનાં બાળકને પોતાના બાળક
સમાન ગણવા.

સ્વાલ—ક્લેશ અને કુસપ થવાથી શુ નુકશાન થાય ?

જવાબ—કુસંપ રૂપી કાતર લાગવાથી ઘરના મનુષ્યો-
માં છિન્નભિન્નપણું થાય છે તથા ઈજ્જત, આ-
બરૂ અને લક્ષ્મીનો નાશ થાય છે; અર્થાત સર્વ
પ્રકારના સુખનું સત્યાનાશ વળી જાય છે. કેમકે
એક કવિએ ફરમાવ્યું છે કે કુસંપ વડેજ આ
દેશની, રાજાઓની, અને છેવટે ધર્મની પણ
પાયમાલી થઇ ગઇ છે. જ્યાં એક ઘરમા કુસંપ
થાય ત્યારે તે ઘરની પાયમાલી થતાં કેટલી વાર
લાગે ? માટે સુજ્ઞ બ્હેનોએ કુસંપ નહી કરતા
સંપની વૃદ્ધિ કરવી.

સ્વાલ—બ્હેનો ! કુસંપથી દેશની, નાતની, રાજ્યની,
અને ધર્મની પાયમાલી થઇ તે વિષેની કવિતા

આવડતી હોય તો કહો
જવાબ—જી હા સાહેબ, આવડે છે. સાંભળો.

## કુસંપ તજવા વિષે.

( રાગ—ઈંગ્રેજી બનઝારો. )

કુસંપ કાતરણી જાણો, અંતે છે નરકનો ઠાણો. એ ટેક.
કળીયુગે કુસંપ આવ્યો, સંત સાધુને ભરમાવ્યો,
દક્ષ ડાહ્યાને દબાવ્યો, કલહ ઝેર, વાળે છે વેર,
હેતના ઘેર, દુઃખે દબાણો કુસંપ. ૧
પ્રિયાના પ્રેમમાં પડતા, મોહરૂપી સાંકળ જડતા,
ધન માટે બંધુઓ લડતા, દેખો બે ચાર, મુકી વિચાર,
નર ને નાર, લડત રાણો. કુસંપ. ૨
વિભીષણ ભાઇ જાણો, રાવણ ત્રિખંડ રાણો,
અંતે ભાઇ પલટાણો, મુકીને જાય, રામ કે પાય,
આવીને ઠાય, નીતિ પ્રમાણો. કુસંપ. ૩
દુર્યોધન દુઃખજ દેવા, પાંડવ વન કાઢયા કેવા,
કૃષ્ણે કરી કેવી સેવા, ચિત્ત વિચાર, કુસંપ નીવાર,

પ્રીતિને ધાર, સંપ સુખ જાણો. કુસંપ. ૪
કુસંપે હીંદુ હાર્યા, ધન ધરા હામ નીવાર્યા,
ટોપીએ તેહને તાર્યા, રાજ ગુમાય, તખ્ત ન પાય,
નીચ કહેવાય, દ્રગે દેખાણો કુસંપ. ૫
ધિંગાણું ધર્મે કરતા, વાલાથી વેરજ ધરતા,
તડ પાડી બહુ તરવરતા, ધર્મમાં ઝેર, જ્ઞાતીમાં વેર,
કરે છે લેર, નરક પ્રમાણો. કુસંપ. ૬
કુસંપે વાસજ કીધો, વીતે વનવાસ જ લીધો,
અંગ્રેજે આદર દીધો, મુકી ખટપટ, કરી ઝટપટ,
સત્ય પ્રગટ, શ્રેષ્ઠ થયો રાણો. કુસંપ. ૭
અવગુણ એહી અપારી, દૂર મુકો એ દુઃખકારી,
સુખ માટે સંપ સંભારી, કરજો સંગ, પામી ઉમંગ,
લક્ષ્મી ચંગ, શ્રેહો ગુણ ખાણો. કુસંપ. ૮
સંપ તેડી એહને લાવે, દોલત ઘરમાંહી આવે,
મણીલાલજી સુખને પાવે, સંપ પસાય, દુર્ગુણો જાય,
મોક્ષ લે ધાય, દુઃખ હટાણો. કુસંપ. ૯

સ્વાલ—કલેશનું છેવટે પરિણામ શુ આવે?

જવાબ—અતિ કલેશી સ્ત્રીને છેવટે આત્મહત્યા કરવાનો વખત આવે છે.

સ્વાલ—આત્મહત્યા કરવાથી શુ નુકશાન થાય?

જવાબ—વૈષ્ણુવોના શાસ્ત્રમાં કહેલ છે કે, આત્મહત્યાઓના કરનાર, એવાને એવા સાત જન્મ સુધી, તેવાને તેવા દુ ખે વડે, આત્મહત્યા કર્યાજ કરે, અને જૈન શાસ્ત્રમાં તો તેથી પણ વિશેષ કહ્યુ છે કે, આત્મહત્યા કરનાર પ્રાણી અનંતા નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવના, અનંત અનંત ભવ કરવાની સાથ, સંસારમાં વારંવાર પરિભ્રમણ કરવા છતા પાર પામી શકે નહિ. માટે સુજ્ઞ બ્હેનોએ દુઃખ વખતે નહિ ડરતાં ધૈર્ય ધારણ કરી, ધર્મધ્યાન કરવા કટીબદ્ધ થવુ, પરંતુ આત્મહત્યા કરવીજ નહિં.

સ્વાલ—મુઝવણ વખતે આત્મહત્યા ન કરવી તો પછી શુ કરવુ?

જવાબ—આવેલ દુઃખ વખતે, દીલગીર નહિ થતાં ધૈર્ય ધારણ કરી, જેમ બને તેમ જલ્દીથી નમ્રતા ધારણ કરી, આપણા અપરાધની ક્ષમા માગી, વિનય સહિત વર્તવું, એજ આ લોકમાં શ્રેય છે, પણ આત્મહત્યા કરવીજ નહિં.

---

## પાઠ ૯ મો. વ્યવહારિક જ્ઞાન. ૫.

સ્વાલ—પતિ ભક્તિ કેમ કરવી?

જવાબ—માન અને અહંકાર તજી, નમ્રતા ધારી, પતિને ઇશ્વર તુલ્ય ગણવા અને આપણને પતિએ સદ્ રસ્તે ચાલવા જે જે શિખામણો આપી હોય તે પ્રમાણે વર્તવું. એજ સાચી પતિ-ભક્તિ સતીની જ સમજવી

સ્વાલ—કદાચ પતિ અવળે રસ્તે ચાલતા હોય અને આપણને અવળા રસ્તે ચાલવા કહે તો કેમ કરવું?

જવાબ—આપણને અવળે રસ્તે ચલાવવા ઇચ્છે તો અવળે રસ્તે નહિ ચાલતાં પતિને સુશિખામણ

આપી સમજાવવા, તેમજ પતિને અવળે રસ્તે જતા અટકાવવા માટે અનેક બોધક દ્રષ્ટાંતો આપી સુરસ્તે ચલાવવા શાણી સતીએ પ્રયત્ન કરવો.

સ્વાલ—પતિને શિખામણ દેવા લાયક બોધક કવિતા આવડે છે કે ?

જવાબ—હાજી સાહેબ, આવડે છે

સ્વાલ—બહેનો, કહો જોઇએ વારૂ ?

જવાબ--બહુ સારૂ, સાંભળો સાહેબ

## શાણી સ્ત્રીએ પતિને આપેલી શિખામણ વિષે.

(રઘુપતી રામ રૂદેમા રેજો રે—એ રાગ)

પતિ પ્રેમ મુકો પરદારા રે,
એથી આવશે નરકના બારા રે;
શુદ્ધ કામ ન થાય તમારા,
સૂણી પતી શિખ સદ્ગુણ ધારી રે,
વરો શીવ વધુ વરનારી. સુણો એ ટેક. ૧
પર ત્રીયા પૈસે પ્રેમ ધરતી રે,
લટપટ તે લલના કરતી રે;

આંખ ઉલાળી શઠ મન હરતી સુણો. ૨
ધન ખાઈને ધક્કો દેશે રે,
સુખ સપત્તી સર્વ તે લેશે રે;
જગ જીવતો પ્રેતજ કેશે સુણો. ૩
ભોજન ભાવતો થાગને મુકી રે,
માંખી મલકતી વિષ્ટાએ ઝુકી રે,
સામુ શાણો ન જોવે થુકી સુણો. ૪
આપ આબરૂ અધિક ઓપે રે,
પણ ચીત્ત પર પ્રિયા ચોંપે રે,
કામી પર રાય બહુ કોપે સુણો ૫
રણમાં રહ્યો રાવણ રાણો રે,
સીતા હરણ થકી દુ.ખ ખાણો રે,
પામ્યો નરક ચતુર્થી પ્રમાણો સુણો. ૬
પદ્મોત્તર પ્રીતથી પેખો રે,
દ્રૌપદીને હરી દુઃખ દેખો રે,
કૃષ્ણે કોપ કરી કર્યો બેખો સુણો ૭
મુંઝમતી અતિ મુંઝાણી રે,

ઘર ઘર માગ્યો ભીખ પાણી રે;
એમ કહે છે ઉત્તમ પ્રાણી. સુણો. ૮
પથ્થર થઇ પકડયો સતી પાણો રે,
પંચાળીને પ્રેમથી જાણો રે,
તળ કીચક ત્યા કચરાણો. સુણો. ૯
શુદ્ધ નિર્મળ શિયળ પાળી રે,
કામ કર્મને દઈએ બાળી રે;
દુઃખ જન્મ જરાનુ ગાળી. સુણો ૧૦
વાલમ વનિતાની શિખ સુણી રે,
પર પ્રિયા જાણી દુઃખ ધુણી રે,
મુનિ મણીલાલે એહ થુણી. સુણો. ૧૧

## પરસ્ત્રીથી થતા ગેરફાયદા વિષે.

( કુંવરી કુંવર મારા લાડકા—એ રાગ )

પર દારાના સંગમા, લુબધ્યા જે નરનાર,
તેહ તણી કથની સુણો કહું શાસ્ત્રાનુંસાર,
વિષય તજી દે તું જીવડા, જેથી સુખ અપાર. ટેક. ૧

પ્રેમ બાંધ્યો પર પ્રેમદા, તેના કેવા હવાલ;
ઘર લુંટી સઘળું લીએ, કરે બુરા બેહાલ. વિષય. ૨
ધન ખાઇને ધક્કો દેશે, કાઢે ઘરથી બહાર;
તોહી અંધ સમજે નહી, ધરે રાગ અપાર વિષય. ૩
વિષ વિષયપાને કરી, થયો તું બેભાન,
અંગ કળે લોહી બળે, સમજ્યો નહી હેવાન. વિષય. ૪
શ્વાનનું તાનજ લાગીયુ, અસ્તિ ચુસવા જાય;
રૂધીર પોતાનું ચાખતા, મનમાં મકલાય વિષય. ૫
સ્ત્રી લોભે પડયા બાપડા, તેને નિંદ્રા શું જાય,
લોહ પનોતી છાતીયે, બેઠી મુંઝવે કાય. વિષય. ૬
રાજા જાણે તબ દંડ કરે, પુરે કેદની માંય;
લોક સકળ જોવા મળે, સભામાં પત જાય વિષય. ૭
કાળ કરી અહીંથી ચવી, પોચે જમને દ્વાર;
લોહ તપાવી પુતળી, ચાંપે હૃદય મોઝાર. વિષય. ૮
તે માટે ભવી પ્રાણીયા, છોડો પરનારી નેહ;
કહે મુનિ મણીલાલજી, પાલણપુરમાં એહ. વિષય. ૯

શાબાશ બહેનો શાબાશ! તમોએ આ કવિતા બહુજ સારી ગાએલી છે, તેમજ આમાં બોધ પણ ઘણો સરસ છે.

સ્વાલ—વ્યવહારિક જ્ઞાનની પ્રાપ્તિ થવાથી શું લાભ થાય?

જવાબ—વ્યવહારિક જ્ઞાનની પ્રાપ્તિ થવાથી સંસાર સ્વરૂપના ખરા રહસ્યને જાણી શકાય છે, અને સંસાર સ્વરૂપનુ પુર્ણ જ્ઞાન થવાથી આત્મ કલ્યાણ કરતા ઇષ્ટદેવને ઓળખવાની કાળજી વધે છે, એજ અમૂલ્ય લાભ સમજવો.

સ્વાલ—બ્હેનો કહો જોઇએ વારૂ, તમે તમારા ઇષ્ટ-દેવના નામ જાણો છો કે?

જવાબ—હાજી સાહેબ, અમે અમારા ઇષ્ટદેવના નામ જાણીએ છીએ.

સ્વાલ—બહેનો! ત્યારે તમો તમારા ઇષ્ટદેવના નામ બોલો જોઇએ વારૂ?

જવાબ—અમારા ઇષ્ટદેવ પાંચ છેઃ—૧ અરિહંત દેવ,

૨. સિદ્ધ દેવ ૩ આચાર્યજી મહારાજ, ૪. ઉપાધ્યાયજી મહારાજ, અને ૫. સાધુજી મહારાજ. એ અમારા ઇષ્ટદેવ છે.

શાબાશ બ્હેનો શાબાશ!

---

## પાઠ ૧૦મો. અરિહંત દેવ.

સ્વાલ—બ્હેનો કહો જોઇએ વારૂ, નમો અરિહંત્તાણં એ શબ્દનો અર્થ શું?

જવાબ—નમો કહેતાં નમસ્કાર, અ૦ નામ વેરીને, હં૦ કહેતાં હણનારને અર્થાત્ વેરીને હણનાર તેવા પુરૂષોને મારો નમસ્કાર.

સ્વાલ—આ લોકમાં દરેક પ્રાણીઓ પોતપોતાના વેરીને હણે છે, તો શું તેઓને નમસ્કાર કરવો?

જવાબ—નાજી તેઓ તો કનક, કાન્તા અને કીર્તિ; ધન, ધરા, અને ધામને માટે જીવને હણે છે, અને તેઓ તો ફક્ત એકજ ભવના વેરી છે, માટે તેઓને નમસ્કાર કરવો નહી. પરંતુ ભવોભવના જે

ઘાતી કર્મ તેઓને હણનાર જે પુરૂષો હોય, તેઓને મારો નમસ્કાર અર્થાત્ ઘાતી કર્મને હણે તેજ અરીહંત્ત દેવ સમજવા.

સ્વાલ--ઘાતી કર્મ કયા કયા ?

જવાબ—જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય, મોહનીય, અને અંતરાય, એ ચાર ઘાતી કર્મ અનંતકાળ રખડાવેછે.

સ્વાલ—ચાર ઘાતી કર્મને ક્ષય કરવાથી શું પ્રાપ્ત થાય ?

જવાબ--અરીહંત, દેવપણું પ્રાપ્ત થાય છે.

સ્વાલ--અરીહંત દેવ કોને કહેવા બ્હેનો ?

જવાબ--અઢાર દોષ રહીત અને બાર ગુણે કરી સંયુક્ત હોય તેને અરીહંત દેવ કહેવા.

સ્વાલ—અરીહંત દેવમાં અઢાર દુષણ કયા ન હોય?

જવાબ-=૧. અજ્ઞાન, ૨. ક્રોધ, ૩ મદ, ૪. માન, ૫. માયા, ૬. લોભ, ૭. ખુશી, ૮. દીલગીરી, ૯. નીંદ્રા, ૧૦ શોક, ૧૧. અસત્ય, ૧૨. ચોરી, ૧૩. મત્સર, ૧૪. ભય, ૧૫. પ્રાણી વધ, ૧૬. પ્રેમ, ૧૭. સ્ત્રી આદિક સાથે ક્રીડા પ્રસંગ. ૧૮. હાસ્ય.

એ અઢાર દોષ માંહેલો એક પણ દુષણ હોય, તેને દેવ નજ કહેવા, પરંતુ ઉપરોક્ત દોષ રહિત તેજ અરીહંત દેવ કહેવાય છે.

સવાલ—અરીહંત દેવમાં બાર ગુણ કયા કયા હોય?

જવાબ—૧. જયાં જયાં અરીહુંત દેવ ઉભા રહે, બેસે, ત્યાં ત્યાં અશોક વૃક્ષ થઇ આવે, અને સર્વને છાંયા કરે, ૨. અરીહુંતનાં સમોવસર્ણમાં દેવો પંચવર્ણિ અચેત પુષ્પની વૃષ્ટી કરે, ૩. ભગવંતની વાણીનો વિસ્તાર ચાર ગાઉમાં હોય અને સર્વનો સંશય હરે, ૪. ચોવીસ જોડ ચંમર થઇ આવે, ૫ ભામંડળ ઉદ્યોત કરે, ૬. સિંહાસન પાદ પીઠ સહિત થઇ આવે, ૭. સાડીબાર ક્રોડ વાજીંત્ર વ્યોમમાં વાજે, ૮. ભગવંત ઉપર ત્રણ છત્ર થઇ આવે, ૯. અનંત જ્ઞાન અતીશય, ૧૦. પરમ પૂજયપણું પામેલા હોય, ૧૧. અનંત વચન અતિશય, ૧૨. સર્વ દોષ રહિત. એ બાર ગુણયુક્ત અરીહંત દેવ જાણવા.

## પાઠ ૧૧મો. સિદ્ધ દેવ.

સ્વાલ—સિદ્ધ પરમાત્મા કોને કહેવા ખ્હેનો ?

જવાબ—સર્વ કાર્યની સિદ્ધિ કરે તેને.

સ્વાલ—સર્વે કાર્યની સિદ્ધિ કયારે થાય ?

જવાબ—અષ્ટ કર્મને ક્ષય કરે ત્યારે.

સ્વાલ—અષ્ટ કર્મનાં નામ કયા ખ્હેનો ?

જવાબ—૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદની, ૪. મોહનીય, ૫ આયુષ્ય, ૬. નામ, ૭. ગોત્ર, ૮. અંતરાય. એ અષ્ટ કર્મ ક્ષય કરે ત્યારે અષ્ટ ગુણની પ્રાપ્તિ થાય છે.

સ્વાલ—જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી સિદ્ધને શું ગુણ થાય ?

જવાબ—અનંત જ્ઞાન-ગુણ પ્રાપ્ત થવાની સાથે લોકાલોકનું સ્વરૂપ જાણે છે

સ્વાલ—દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી શુ ગુણ થાય ?

જવાબ—લોકાલોકના સ્વરૂપને એક સમયમાં દેખે છે.

સ્વાલ—વેદની કર્મ ક્ષય થવાથી શું ગુણ થાય ?

જવાબ—સર્વ પ્રકારની પીડા રહિત થવાય છે.

સ્વાલ—મોહનીય કર્મ ક્ષય થવાથી શુ ગુણ થાય?

જવાબ—ક્ષાયીક સમકિત પ્રાપ્ત કરે છે.

સ્વાલ—આયુષ્ય કર્મ ક્ષય થવાથી શુ લાભ થાય?

જવાબ—અક્ષય સ્થિતિવાન થવાય છે.

સ્વાલ—નામ કર્મ ક્ષય થવાથી શુ ગુણ થાય?

જવાબ—અરૂપી ઉપલક્ષણથી વર્ણ, ગંધ રસ, સ્પર્શાથી રહિત થાય છે

સ્વાલ—ગોત્ર કર્મ ક્ષય થવાથી શુ ગુણ થાય?

જવાબ—અગુરૂ લઘુ અર્થાત્ ઊંચ અને નીચ ગોત્રથી રહિત હોય છે

સ્વાલ—અંતરાય કર્મ ક્ષય થવાથી શુ લાભ થાય?

જવાબ—અનંત આત્મ શક્તિ રૂપ બળ પ્રાપ્ત થાય છે.

સ્વાલ—સિદ્ધ પરમાત્માનો કાંઇ આકાર હશે કે ન્હેનો?

જવાબ—નાજી. કોઇ પણ પ્રકારનો આકાર નથી અર્થાત્ નિરાકાર છે.

સ્વાલ—સિદ્ધને સુખ શું હશે ન્હેનો ?

જવાબ—જન્મ, જરા અને મરણ; આધિ, વ્યાધિ, અને ઉપાધિ; એ દુ:ખોથી મુક્ત થયા, તેજ તેઓનું અનંત સુખ સમજવુ.

સ્વાલ—સિદ્ધ પરમાત્મા પુનઃ પુન. જન્મ ધારણ કરતા હશે કે ન્હેનો ?

જવાબ—નાજી. કેમકે તેઓને હવે આ અવનિમાં કાઇ પણ કાર્ય કરવું બાકી રહ્યું જ નથી, માટે પુનઃ જન્મ ધારણ ન જ કરે.

સ્વાલ—સિદ્ધ પરમાત્મા કોઇનુ ભલું યા બુરૂં કરે ?

જવાબ—નાજી. કેમકે ભલું યા બુરૂં કરવુ તે તો રાગ દ્વેષ પ્રણિત પ્રાણીઓનું કામ છે, પણ આ પરમાત્માને તો રાગદ્વેષ બીલકુલ છેજ નહિં માટે કોઇનું ભલુ યા બુરૂં કરતાજ નથી; પરંતુ તેઓના સ્મરણથી આપણા આત્માનું શ્રેય થાય છે.

## પાઠ ૧૨મો. આચાર્યજી મહારાજ.

સ્વાલ—બ્હેનો, આચાર્યજી મહારાજ કોને કહેવા ?

જવાબ—પોતે શુદ્ધ આચાર પાળે, અને ચતુર્વિંધ સંઘને વિતરાગ પ્રણિત ધર્મ સંભળાવી, શુદ્ધ આચાર પળાવે તે.

સ્વાલ—ચતુર્વિધ સંઘ કોને કહેવો બ્હેનો?

જવાબ—સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવીકા એ ચારને સંઘ કહેલ છે.

સ્વાલ—કેટલા ગુણોની પ્રાપ્તિ થાય ત્યારે આચાર્ય મહારાજની પદ્વી મળે.

જવાબ—છત્રીસ ગુણ પ્રગટ થાય ત્યારે.

સ્વાલ—બ્હેનો, છત્રીસ ગુણોનું સ્પષ્ટિકરણ કરો.

જવાબ—પ્રથમ પાંચ ઇદ્રિયને વશ કરે તે કાન, ચક્ષુ, નાસિકા, જીભ, અને સ્પર્શ એ પાંચ વશ કરે; નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર હોય; ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર કષાય-યથી મુકાણા હોય, પંચ મહાવ્રત જે જીવહિંસા

ન કરે, જુઠું ન બોલે, ચોરી ન કરે; દેવ, મનુષ્ય સ્ત્રી અને તિર્યંચ સ્ત્રીનો સ્પર્શ ન કરે, અને પરિગ્રહ (ધન) ન રાખે, એ પંચ વ્રત પાળે; પાંચ આચાર જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારીત્રાચાર, તપાચાર અને વિર્યાચાર એ પંચ પાળે; પાંચ સુમતી, જે ઇરીયા, ભાષા, એષણા, આદાન, ભંડ, મત, નિક્ષેપના અને ઉચ્ચાર, પાસવણ, ખેળ, જળ, સંઘાણ, પારિઠાવણીઆ એ પંચ સુમતી સાચવે અને મન, વચન અને કાયા, એ ત્રણને ગુપ્ત કરનાર હોય, એવા છત્રીસ ગુણયુક્ત-ગુણવાળા હોય તે આચાર્ય મહારાજ જાણવા

## પાઠ ૧૩મો. ઉપાધ્યાયજી મહારાજ.

સ્વાલ--ઉપાધ્યાયજી મહારાજનું શું કર્તવ્ય?

જવાબ--વિતરાગ પ્રણિત સૂત્રો પોતે ભણે, અને ચતુર્વિધ સંઘને ભણાવે તે.

સ્વાલ--કેટલા ગુણો પ્રાપ્ત થાય ત્યારે ઉપાધ્યાયજીની પદ્ધી મળે?

જવાબ.—પચવીશ ગુણ પ્રાપ્ત થાય ત્યારે.

સ્વાલ—ત્હેનો, પચવીસ ગુણોનું સ્પષ્ટિકરણ કરો.

જવાબ—અગીઆર અંગ તે.—૧. આચારાંગજી, ૨. સુયગડાંગજી, ૩. ઠાણાયંગજી, ૪. સમવાયંગજી, ૫. ભગવતીજી, ૬. જ્ઞાતા-ધર્મકથા, ૭. ઉપાશક-દશાંગ, ૮. અંતગડ, ૯. અણુંત્તરોવવાઈ, ૧૦. પ્રશ્ન વ્યાકરણ, ૧૧. વિપાક એ અગીઆર; અને બાર ઉપાંગ તે.—૧. ઉવવાઇ, ૨. રાયપ્પસેણી, ૩. જીવાભિગમજી, ૪. પન્નવણાજી, ૫ જંબુદ્વિપ-પન્નતિ, ૬. ચંદપન્નતિ, ૭. સુર્યપન્નતિ, ૮. કપ્પિયા, ૯. કપ્પવડીંસયા, ૧૦. પુપ્ફિયા, ૧૧. પુપ્ફચૂલીઆ, ૧૨. વન્હીદશા. એ બાર ઉપાંગ. અને ચરણ સિત્તેરી અને કર્ણ સિત્તેરી એ બેઉને શુદ્ધ રીતે પોતે પાળે અને બીજાઓને પળાવી શુદ્ધ જ્ઞાન દાન આપે તેજ ઉપાધ્યાયજી મહારાજ જાણવા.

## પાઠ ૧૪મો. સાધુજી મહારાજ.

સ્વાલ—ય્હેનો, સાધુજી મહારાજ કોને કહેવા ?

જવાબ—સર્વથા ઇંદ્રિયોને સાધે અર્થાત્ વશ કરે તેને સાધુ કહેવા.

સ્વાલ—કેટલા ગુણોની પ્રાપ્તિ થાય ત્યારે સાધુ કહેવાય ?

જવાબ—સત્તાવિસ ગુણોની પ્રાપ્તિ થાય ત્યારે.

સ્વાલ—ય્હેનો ! સત્તાવિસ ગુણોનું સ્પષ્ટિકરણ કરો.

જવાબ—પંચ મહાવ્રત પાળે તે—જીવ હિંસા ન કરે, જુઠું ન બોલે, ચોરી ન કરે; દેવ, મનુષ્ય અને તિર્યંચ સ્ત્રીનો સ્પર્શ ન કરે, અને પરિગ્રહ (ધન) ન રાખે; એ પંચ મહાવ્રત શુદ્ધ પાળે. રાત્રીએ ભોજન ન કરે; પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા લોભનો નિગ્રહ કરે; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ-કાય અને ત્રસકાય એ છ કાયના જીવોની રક્ષા કરે; ક્ષમા રાખે, ચિત્ત નિર્મળ રાખે, પ્રતિ-લેખન ઉપયોગ યુક્ત કરે, સંયમ યોગને વિષે રક્ત હોય, મન, વચન અને કાયાને માઠા કાર્યમાં

જતા રોકી રાખે, શીતાદિક બાવીસ પરિસ્સહ સહન કરે, મરણાન્ત ઉપસર્ગ સહન કરે, પરંતુ ધર્મ મુકે નહિ. એ સત્તાવિસ ગુણ જેઓમાં હોય, તેઓનેજ સાધુ કહેવા અર્થાત્ સાધુજી મહારાજ સમજવા.

સ્વાલ—સાધુજી મહારાજની શુદ્ધ ભક્તિ કરતાં શું મળે?

જવાબ—જ્ઞાન મળે.

---

## પાઠ ૧૫મો. જ્ઞાન.

સ્વાલ—બ્હેનો, કહો જોઇએ વારૂ જ્ઞાન એટલે શું ?

જવાબ—વિદ્યા સપાદન કરી આત્મ અનુભવ મેળવવો તે.

સ્વાલ—કહો બ્હેનો, જ્ઞાનના કેટલા ભેદ, અને કયા કયા?

જવાબ—પાંચ ભેદ તેઃ-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન, અને કૈવલ્યજ્ઞાન.

સ્વાલ—કહો બહેનો, હાલ પંચમકાળે કેટલા જ્ઞાનની પ્રાપ્તિ થાય ?

જવાબ—બે જ્ઞાનની પ્રાપ્તિ થાય.

સ્વાલ—બ્હેનો, બે જ્ઞાનના નામ કહો.

જવાબ—મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાન.

સ્વાલ--કેટલીક બહેનો જ્ઞાનનો અભ્યાસ કરે છે, છતાં વિદ્યા ન ચડવાનું કારણ શું?

જવાબ—પુર્વભવે જેઓએ જ્ઞાનાવર્ણિયકર્મ બાંધ્યું હોય તેઓને ભણવાનો ઉદ્યમ કરવા છતાં ન જ આવડે.

સ્વાલ—શાબાશ બ્હેનો શાબાશ! કહો જોઇએ બહેનો, જ્ઞાનાવર્ણીયકર્મ શું કર્તવ્ય કરવાથી બંધાય?

જવાબ—જ્ઞાન આપનાર ગુરૂદેવની, માસ્તર (મ્હેતાજી) ની તથા જ્ઞાનની અભક્તિ કરવાથી બંધાય છે.

સ્વાલ—અભક્તિ એટલે શુ?

જવાબ—ગુરૂદેવ તથા માસ્તરની આજ્ઞા વિરૂદ્ધ વર્તવું તે, તથા તેઓની સાથે ખોટા ઝગડા કરવા તથા નિંદ્યા કરવી, ગાળો ભાડવી, અથવા ભણતરના સર્વ સાધનોને જયાં ત્યાં ફેંકી દેવા વિગેરે કર્ત્તવ્ય કરવું તે.

સ્વાલ—ગુરૂદેવ તથા માસ્તરનું બહુ માન કરવાથી શું લાભ થાય?

જવાબ—અલ્પ પ્રયાસે ઘણીજ વિદ્યા (જ્ઞાન) ની વૃદ્ધી થાય.

સ્વાલ—જ્ઞાનનું સ્વરૂપ જાણવાથી શું લાભ થાય?

જવાબ—શુદ્ધ ધર્મ ઓળખવાનો લાભ મળે છે.

---

## પાઠ ૧૬મો. ધર્મ.

સ્વાલ—ધર્મ શબ્દનો અર્થ શુ?

જવાબ—'ધરોતિતી ધર્મસ્ય' એટલે જીવને દુર્ગતિએ જતાં અટકાવે તેજ તમે સાચો ધર્મ જાણજો બ્હેનો.

સ્વાલ—બ્હેનો! દુર્ગતિમા જવાના કારણ કેટલા?

જવાબ—મ્હોટા અઢાર કારણો છે.

સ્વાલ—બ્હેનો! મોટા અઢાર કારણોનાં નામ કહો જોઇએ વારૂ?

જવાબ—અઢાર નામઃ—૧. જીવ હિંસા કરવી, ૨.

જુઠું બોલવું, ૩. ચોરી કરવી, ૪. પુરૂષ સાથે ક્રિડા કરવી, ૫. ધનની મમતા કરવી, ૬. ક્રોધ, ૭. માન, ૮ માયા (કપટ), ૯. લોભ, ૧૦. પ્રેમ, ૧૧. દ્વષ–અદેખાઈ કરવી, ૧૨. કલેષ કરવો, ૧૩. ખોટું આળ ચડાવવું, ૧૪ ચાડી કરવી, ૧૫. પારકા અવર્ણવાદ–વાકુ બોલવું, ૧૬. ખુશી–દીલગીરી રાખવી, ૧૭. કપટ સહિત જુઠું બોલવુ, ૧૮. ખોટી શ્રદ્ધાનું સલ્ય રાખવું. એ અઢાર પાપ સેવનાર અધોગતિ ( નરક ) માં જાય છે.

સ્વાલ—દુર્ગતિમાં જવાનાં અઢાર પાપ માંહેલા પાપ સેવતા ભયંકર દુ:ખ પ્રાપ્ત થાય ?

જવાબ—બ્હેનો ! અઢારે પાપ સેવવાથી દુઃખ ભોગવવુ પડે છે, તેમાં પણ બે પાપ ભયંકર દુઃખ પ્રાપ્ત કરાવે છે.

સ્વાલ—બ્હેનો, તે બે પાપોનાં નામ કહો.

જવાબ—૧. ખોટું આળ આપવું, ૨. ખોટી શ્રદ્ધાનું સલ્ય રાખવુ, તે બે ભયંકર પાપ સમજવા.

સ્વાલ—ખોટું આળ ચડાવવાથી કેવા કર્મ બંધાય ?

જવાબ—મહા કઠીણ કર્મ બંધાય છે, અને તે કર્મ ધર્મધ્યાનાદિક કર્ત્તવ્ય કરવાથી પણ મુક્ત થતા નથી, પણ જ્યારે પાછાં ચોરાશીલક્ષ યોની ભમતાં ભમતાં મનુષ્ય આપણે થઇએ ત્યારે તેવાજ રૂપનું ખોટું આળ આવે, અને તે કર્મો સમપરિણામે સહન કરાય ત્યારેજ તે કઠીણ કર્મ દુર થાય છે, માટે બ્હેનો કોઇને માથે ખોટું આળ આપશો ના.

સ્વાલ—ખોટી શ્રદ્ધાનું સ્વરૂપ કહો બ્હેનો.

જવાબ—વિગરાગદેવે અહિંસામય ધર્મ બતાવેલ છે, છતાં ધર્મને નામે અનેક જીવોની હિંસા કરીને ધર્મ માને તે ખોટી શ્રદ્ધાનું સ્વરૂપ સમજવું.

સ્વાલ—ધર્મને નામે હિંસા કરવાથી કેટલું દુઃખ ખમવું પડે ?

જવાબ—ધર્મ અર્થે હિંસા કરનાર પ્રાણી અહીંથી મરી દક્ષિણ દીશાનો નારકી થાય, અને નરક માંહેથી નીકળી બોકડા થઇ કસાઇને હાથે હજારો

વાર કપાય, અને છેવટે મનુષ્ય થાય ત્યારે દરીદ્રીપણું પામી જન્મ પર્યંત મહા દુઃખ ભોગવે એમ જ્ઞાની મહારાજે કહેલ છે; માટે બ્હેનો ધર્મ અર્થે હિંસા કરવી નહી.

સ્વાલ—અહિંસામય ધર્મ કરવાથી શું લાભ થાય ?

જવાબ—સમકિતના પર્યવોની વૃદ્ધિ થાય, અને મિથ્યાત્વના પર્યવો ઘટે, એ અપૂર્વ લાભ સમજવો

સ્વાલ-જે જે કર્ત્તવ્યો કરવાથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય તે વિષેની કવિતા આવડતી હોય તો બોલો બ્હેનો

જવાબ—જી હા, સાંભળોજી

## મિથ્યાત્વ તજવા વિષે રાસડો.

( આવોને નંદલાલ, રમવા આવોને રે—એ રાગ )

મુકોને માની મિથ્યાત્વ,
માનુની મન વિચારી એ ટેક
અક્ષયતૃતિયા પુજો ગણદેવો,

સંક્રાંતે શુભ ફળ માગી જો લેવો;
ક્યાંથી મળે મુક્તિ મેવો. માનુની. ૧

પીપળે પ્રેમથી પાણીને ઢાળી,
રમોછો રામા ફાગણે હોળી;
ભાંડ ભવાચા ને કોળી. માનુની. ૨

જવારા વાવતાં જતના વિશાધો,
મોળાકત્તે કૃત્ય કર્મનો બાંધો,
ન્હેમે વિવેકનો વાંધો માનુની. ૩

બોળ ચોથ બહુ બાળાઓ કરતી,
નાગ પાંચમે નાગને ઝરતી;
કુલેર અહારી વિચરતી. માનુની. ૪

રાંધણુ છઠ્ઠે રાંધવા રામા,
પાતાયા પ્રેમદા વણુતી વામા;
આરંભ અધિક નકામા માનુની. ૫

વાસી રાખીને વનીતા ખાવે,
નીલફુલ બહુ થેપલે થાવે;
કર્મ કમાઇ કમાવે. માનુની. ૬

સ્નાન કરીને શીતળા પુજે,
ગુરૂ ઉપદેશની સાન ન તુજે,
આરંભ અગ્નિનો સુજે માનુની. ૭
છકાય રક્ષા કરો શુભ શાણી,
પોકારી પ્રભુ કહે સત્ય વાણી;
હિંસાથી નરકની ખાણી. માનુની. ૮
ગરબે રમવા ગોરીયો જાવો,
છાણની ગોર્ય પુજી મલકાવો,
વ્યર્થ ન વખત ગુમાવો. માનુની. ૯
નીવેદ નોરતે દસરા બાને,
કકળાટ કાઢી વડા આવવાને;
દીવાળી કર્મ કથાને. માનુની. ૧૦
સુરધન માવડી સર્વને માને,
શ્રાદ્ધ કરે છે શરમે છાને,
ધૈર્ય નહી ધર્મ ધ્યાને. માનુની. ૧૧
શાન્તિ, પાર્શ્વ, પ્રભુ વિરને નામે,
દીવા શ્રીફળ માને મત્રજ ભામે;

લોકોતરે કર્મ જામે. માનુની. ૧૨
એહુ મિથ્યાત્વમાં મચી રહો છો,
નિર્મળ વ્રત નિંદ્રાને દહો છો;
કુપંથ વાત કહો છો. માનુની. ૧૩
ભ્રમણા ભુત પિશાચ નિવારી,
નામ નિરંજન ઉરમાં ધારી;
મુક્તી લહો મનુહારી. માનુની. ૧૪.
પુજ્ય પ્રતાપી છે પ્રાણ આધારા,
મોહનલાલજી ગુરૂ મુજ પ્યારા;
પડધરી ગ્રામ મોઝારા માનુની. ૧૫.
દેવ ગુરૂ ધર્મ તત્ત્વને ધારો,
ભાંખ્યો ભવાબ્ધિનો એહુથી આરો;
મુનિ મણીલાલને પ્યારો. માનુની. ૧૬.

સ્વાલ—આ અવનિમાં અનેક ધર્મો આપણી દ્રષ્ટિએ દેખાય છે, તો ક્હેનો! તે માંહેથી ખરો ધર્મ કેમ ઓળખી શકાય?

જવાબ—જે જે ધર્મોમાં છકાયના જીવોનું રક્ષણ થતું

હોય અને કનક કાન્તાદિક અઢારે પાપ રહિત હોય તેજ સાચો ધર્મ.

સ્વાલ—આરંભ અને પરિગ્રહ રહિત ધર્મ સ્વરૂપ જાણવાથી શું લાભ થાય?

જવાબ—ધર્મના સ્વરૂપને જાણતા હોઇયે તો બ્હેનો! દુઃખ વખતે નહીં ડગતા સતી ધર્મ પાળવામાં સહાયભૂત થાય છે. જેમકે દ્રૌપદિને પદ્મનાભ રાજાએ ઉપાડી પોતાના મ્હેલમા લાવી સતીને સંતાપવામા તથા અનેક પ્રકારની લાલચ બતાવવામા કમી ન રાખી તો પણ સતીએ તેની એકે માગણી કબુલ નહીં કરતા ધિઃક્કારી કાઢયો, અને તપ–આયંબિલાદિક કરવામાં કમર કસી દુઃખને દુર કર્યું, અને આખરે અમર કીર્ત્તિ કરી; તેમજ બ્હેનો! સતી ધર્મ પાળવાને માટે ધર્મ ખરેખર સહાયભૂત છે, એ અપૂર્વ લાભ સમજવો.

## પાઠ ૧૭મો. સતી ધર્મ. ૧.

સ્વાલ--સતી સ્ત્રીનો ધર્મ શુ ?

જવાબ--સતી સ્ત્રીનો ધર્મ એમ છે કે પતિના સુખમાં જેમ ભાગ લહે છે, તેમજ દુઃખ વખતે પણ સહચારી રહી સહાયભુત થવું; એજ સાચી સતીનો ધર્મ છે.

સ્વાલ—સતી સ્ત્રી દુઃખ વખતે પતીને તજી દે ખરી કે ?

જવાબ—નાજી સાહેબ. દુ:ખ વખતે તો અવશ્ય સાથે રહી પોતાનું સર્વસ્વ અર્પણ કરી મદદગાર થવું, એજ અમારો ધર્મ છે, પણ દુ:ખ વખતે દુર થવુંજ નહી

સ્વાલ--પતિ દુઃખમા ડુબકા ખાતો હોય, તે વખતે સારાં સારાં લુગડા ઘરેણાદિક મેળવવાનો હઠ કરવો કે કેમ ?

જવાબ--નાજી બીલકુલ હઠ કરવોજ નહી, પણ સમયાનુસાર જે જે વસ્તુ મળે તે ભોગવવી અને સંતુષ્ટ રહેવું, એજ સદ્ગુણીનું કર્તવ્ય છે.

સ્વાલ—પતિ તરફથી પુર્ણ સુખ ન મળતાં પરપુરૂષે બતાવેલી લાલચ ઉપર લલચાવું કે કેમ?

જવાબ—સુજ્ઞ બાળાઓએ તો પંચની સાક્ષીએ પોતાના પતિ સિવાય અન્ય પુરૂષ સામે વિકારબુદ્ધિએ દ્રષ્ટિ ન કરવાની પ્રતિજ્ઞા લીધેલી છે અને જ્યારે તે પ્રતિજ્ઞા ત્રુટે તો પછી આ લોકમાં જ અનેક પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે, અને છેવટે પર-ભવે નરકાધિકારી થવાય છે; માટે પર પુરૂષ ચાહે તો ઇંદ્રથી ભલે વિશેષ ઓપતો હોય, અને ગમે તેવા આભુષણો આપી લલચાવે, તોપણ શાણી સતી લલચાય જ નહી.

સ્વાલ—પતિ કાણો, કુબડો કે રોગી હોય તો સતી સ્ત્રી કેમ કરે?

જવાબ—ભલે કદાચ કુષ્ટિ હોય તોપણ સતી સ્ત્રી તેવા ભરથારને ભગવંત તુલ્ય ગણી તેની આજ્ઞાજ ઉઠાવે.

સ્વાલ—પર પુરૂષે તમોને ભોળવી ફસાવી દીધાં હોય તો પછી કેમ કરવું?

જવાબ—તે વખતે મરવું તેજ શ્રેય, પણ પરપુરૂષનો સ્વપ્નાંત્તરમાં પણ સ્પર્શ ઇચ્છવો નહી. જુઓ સીતા, દ્રૌપદી, તારા, કળાવતી, દમયંતી, વિગેરે સતીઓને માથે સંકટ પુષ્કળ પડવા છતાં પણ પરપુરૂષોનો સંગ કર્યોજ નહી; તેમજ દુઃખ સહન કરવું, પણ ડગવું નહી.

સ્વાલ--સીતાદિક સતીઓને દુઃખ પડચું તે વિષે કવિતા આવડતી હોય તો બોલો.

જવાબ--જી હા, સાંભળોજી

## ગરબી.

( અપૂર્વ અવસર એવો ક્યારે આવશે એ રાગ. )

શિયળ તણો મહીમા મુજ બ્હેનો સાંભળો. એ ટેક.
સર્વ વૃત્તમાં વૃત્ત વડેરૂં એહ જો,
પંચાળી સતીયોમાં જેહ શીરોમણી;
અનુપમ જેની કંચનવર્ણિ દેહ જો. શીયળ. ૧.
દુર્ભેચ્છા કરવાને દુર્યોધન મથ્યો,

રાજ સભામાં ખેંચ્યા ચીર અનેક જો;
ઇંદ્ર પધાર્યા સત્યવંતીને કારણે,
સહસ્ર આઠ ચીર પુરી રાખી ટેક જો. શીયળ. ૨
ચુકી નહી નિજ સત્યથી સીતા સુદરી,
કર્યો યત્ન રાવણનો કીધો ફોક જો,
રઘુપતી હાથે દારૂણ યુદ્ધ ત્યાં નીપજ્યું,
સૈન્ય સહિત લંકપતીનો ખુટયો થોક જો. શીયળ. ૩
શીયળ વખાણ્યું શાસ્ત્રે સુભદ્રાતણું,
નીજ સાસુએ મુકયો કુશીળનો ભાર જો:
કાચા તંતુએ ચાલણી બાંધી કુપથી,
જળ સીંચીને ખોલ્યુ ચંપા દ્વાર જો. શીયળ. ૪
કળાવંતી શ્રીમતી શુદ્ધ સાચી સતી,
સત્ય પ્રભાવે સર્પની થઇ પુલ માળ જો;
કલંકથી કાપેલા કર સાબીત થયા,
શીયળ વ્રત આરાધો સર્વે બાળ જો. શીયળ. ૫
શેઠ સુદર્શન જગ જાહેર નર જે હતા,
રાજ–રાણીએ મુકયું વડેરૂં આળ જો;

શુળી પ્રીટી દૈવીક સિંહાસન થયું,
શીયળવડે શુભ બાંધી પુણ્યની પાળ જો. શીયળ. ૬
શિયળ વ્રત શીર સાટે બ્હેનો રાખવા,
મર્યાદાથી કરજો નિત્ય જતન જો;
ઉત્તમ કુળમાં માનવ દેહ મોઘો મળ્યો,
શાણા થઇ સાચવજો શીયળ રતન જો. શીયળ. ૭
વિનય વિવેક લજ્જાના પટકુળ પહેરવા,
પતિ આધીન થઈ સજવા સત્યના વીત જો;
નમ્રતા નિજ તનમાં "નવિન" વસાવશે,
તે શિળવંતી શીવપુર જાય ખચીત જો. શીયળ. ૮

ક. ગી. ઇ.

વળી બ્હેનો ! કૃપા કરી સાંભળોજી.

## શિયળરૂપી શણુગાર પેહેરવા વિષે રાસડો.

( પુનમચાંદણી–એ રાગ. )

અલ્પ ઉમરમાં ઉમંગ ધરી ચતુરા તમે રે,
આણી અંત્તરંગ નિજ મનમાં વૈરાગ્ય;
ભાવ ધરીને શિયળ સજો તુમે સ્નેહથી રે. ટેક

સંકટ જાયે ને સુખશાતા સઘળા મળે રે,
વળી વિશ્વમાંહિ થાય સદા જયકાર. ભાવ.
સાખી—પતિવૃત્તાપણું પાળજો, રહી પતિને સંગ,
કુશીલ સબ દુરે કરી, પાળો શીયળ ઉમંગ
ચાલ—મન વશ્ય કરી મુંદ્રિકા કરમાંહિ ગ્રહો રે,
નીતિરૂપી જડીએ મણી માણેક નંગ. ભાવ. ૧
સાખી—સ્નાન કરો સ્નેહે કરી, જ્ઞાનરૂપી લઇ નીર;
સુગંધ પુષ્પ શુદ્ધ ભાવથી, સુચી કરોને શરીર.
ચાલ—કંચુકી તે કષાય ટાળી ક્ષમા આદરો રે,
સત્ય રૂપી સાડી ઓઢીએ નીજ અંગ. ભાવ. ૨
સાખી-નજરે નજર ન નીરખીયે, નાથવિના નર સાથ;
વાત વિનોદ ને તાલીયો, દઇએ ન હાથોહાથ.
ચાલ-કુદ્રષ્ટિથી અવર પુરૂષ નીરખો નહી રે,
ગણીએ છોટા મોટા સરવે બંધુ તાત. ભાવ. ૩
સાખી-કુરૂપ કાણો ને કોઢીયો, કુબડો બોબડો જોય;
મુંગો લુલો ને લગડો, રોગી પાગુળો હોય.
ચાલ-એવો પતિ પંચ સાખ્યે પરણ્યા પ્રેમથી રે,

ઇશ્વરતુલ્ય ગણી ભક્તિ કરીએ નામ. ભાવ. ૪
સાખી-ઉંચે સ્વરે નહી બોલવું, દેવર જેઠનાં સંગ;
સાસુ સસરા નણંદનાં, પાળો વચન અભંગ.
ચાલ-વિનય વચન વદી આભુષણ કંઠે ધરો રે;
મુખડું શોભે સત્યરૂપી ચાવતાં પાન. ભાવ. ૫
સાખી-પુરૂષરૂપી પતંગીયા, નારી દીપક સમાન;
દેખી દિવ્ય દેદારને, ભુલી જાયે નીજ ભાન.
ચાલ-અતીરૂપ રંગ ચાતુરી અવલોકતાં રે,
મુરખ મનમાંહી અહોનિશ મુંઝાય. ભાવ. ૬
સાખી-પર પુરૂષની પ્રીતમાં, જશો મનુષ્ય ભવ હાર;
વિણ મોતે મરવું પડે, પામે દુઃખ અપાર.
ચાલ-ચોંપે ચટક મટકની ચાલ કદી નહી ચાલવી રે,
નિશદિન રાખીયે કુળ તણી મરજાદ. ભાવ. ૭
સાખી-સોળ સતીયોનાં શાસ્તરે, જુઓ કહ્યા છે નામ;
ઉઠી પ્રભાતે તેહનાં, ગુણી કરે ગુણગ્રામ.
ચાલ-મુખેથી મહીમા વર્ણવી શકાય ન શિલનો રે,
વિખ ન વિસ્તરે શિતળ થાએ આગ. ભાવ. ૮

સાખી-સત્યભામા ને રૂક્ષમણી, અંજણા કુન્તા ધાર;
પદ્માવતી સાતે સતી, રાખ્યું શીયળ તે સાર.
ચાલ-જુઓ જુઓ કષ્ટ સહ્યા શાત સ્વભાવથી રે,
શાસનાધીષ્ટાયક દેવે કરી નીજ સહાય ભાવ ૯
સાખી-શદ્ધ શીયળ નિત્ય પાળજો, રાખી એકજ ચીત્ત;
શીયળ વિણ કો ધર્મમા, પ્રભુ ન થાયે મીત્ત
ચાલ-પુરણ પામે પ્રીતિ પ્રીતમની નીજ ઉપરે રે,
વળી વિશ્વમાહી વિશેષ થાય વિખ્યાત. ભાવ. ૧૦
સાખી-મમ ગુરૂ ગુણવંત છે, ગીરવા ગુલાબચંદ;
ત્રીભોવનજી તત્ક્ષણે, મળે શીવ સુખ કંદ.
ચાલ-તન મનથી સત્ય શીયળ શુદ્ધ સાચવો રે,
પ્રાણ જાયે તોહી તજવી નહી નીજ ટેક. ભાવ. ૧૧
સાખી-શશી નીધી ખટ પંચમાં, જેષ્ટ માસ શુકલ પક્ષ;
અષ્ટમીને ભ્રગુવાસ રે, ગાયન ગાયું પ્રત્યક્ષ.
ચાલ-સુજ્ઞ બહેનો એહ સત્ય શિખામણ સાંભળી રે,
ધારી કરજો અંતર શીવપુર વરવા આશ. ભાવ ૧૨

## પાઠ ૧૮મો. સતીધર્મ. ૨.

સ્વાલ—બ્હેનો ! કહો જોઇએ વારૂ, પતિ જમ્યા પહેલાં પતિવ્રતા સ્ત્રી જમે ખરી કે ?

જવાબ -નાજી, પતિને જમાડયા પછીજ પતિવ્રતા સ્ત્રોને જમવાનો ધર્મ છે

સ્વાલ—સતી સ્ત્રીને કોઇપણ જાતનું દુ:ખ હોય તો કોઇને કહે ખરી કે ?

જવાબ--નાજી, કોઈને કહેજ નહી કેમકે અન્ય સ્ત્રી-ઓને કહેવાથી પોતાના પતિની ઈજ્જત જાય છે અને પછી આપણે દુનીઆમા હલકા દેખાઇએ, માટે ગમે તેવુ દુ:ખ હોય તે હૃદયમાજ દાટી દેવું, પણ અન્યને કહેવાથી આપણું દુ:ખ કોઇ વહેચી લેતું નથી, પરતુ મર્મ જાણી લે છે માટે ન જ કરવી.

સ્વાલ—સ્ત્રી કોનો કોનો સંગ વર્જે ?

જવાબ--જેની જગતમાં પ્રતિતિ નં હોય તેવી કુલટા માલણ જોગણ વિગેરે હલકી સ્ત્રીયોનો સગ

વર્જે, અને તેવાઓના ઘરમા પણ પ્રવેશ ન કરે.

સ્વાલ--તેવાઓના ઘરમાં પ્રવેશ કરવાથી શુ થાય?

જવાબ—તેવાઓના ઘરમાં લુચ્ચા, લફંગા, ઠગ, બદ--માસાદિક માણસો આવતા હોય, જેથી કોઇ વખત આપણને ફસાઇ પડવાનો વખત આવે છે, માટે તેવાઓના ઘેર જવુ જ નહી

સ્વાલ--સતી સ્ત્રીએ શણગાર શેનો સજવો?

જવાબ શીયળરૂપી શણગાર સજવો અને આજ્ઞારૂપી આભુષણોથી અંગ ઓપાવવું (દીપાવવું).

સ્વાલ—મનમોહક શણગાર ધરવો કે કેમ?

જવાબ--સમયાનુસાર પોતાના ઘર સંપદા પ્રમાણે સતી શણગાર સજે ખરી, પરંતુ કામી પુરૂષોના મનનું આકર્ષણ કરવા જેવો ઉદ્‌ભટ વેષ સતી સજે જ નહીં

સ્વાલ--હાલના જમાનામાં બાળાઓ જે વેષ પહેરે છે તે વેષ કેવો કહેવાય?

જવાબ--હાલ બાળાઓ જે વેષ પહેરે છે, તે તો

ખરેખર ઉદ્ભટ વેષ છે. તેને માટે એક કવિએ હાલના જમાનામાં પ્હેરાતા વેષ વિષે કવિતા કહેલ છે. જો આપની આજ્ઞા હોય તો સંભળાવું.

બહુ સારૂં ખ્હેનો, સંભળાવો જોઇએ વારૂ?

## ઉદ્ભટ વેષ વિષે ધોળ.

( રામ લક્ષ્મણ વનમાં સિધાવતા.--એ રાગ. )

બહુ શણગાર દેખી બાળા તણો,
લાગે લલના આતમ લાય, કંપે સાધુ કાય;
શાણી શિખ સાંભળો. ટેક. ૧.
બાપ પેરાવી બાળા બગાડતો,
માતા દેખી મન મકલાય;
અંતે દુઃખદાય. શાણી. ૨.
પ્રેમ મટયો પતિ પટકુળને,
લાવી આપતાં લજજાઓ જાય;
પછે દુઃખ પાય. શાણી. ૩.
સાડી ઉપર સોનેરી કાંગરા,
કોરે ઝાલર ઘાઘરે ઘેર;

મઢઢમ મન હેર. શાણી. ૪.
અંગે અંબર ઝીણા ઓઢવે,
દિવ્ય દેદાર દેખાતી કાય,
કુલીન કુળનાય. શાણી ૫.
પ્રેમ પોલકે પદ્‌મણી પોખતી,
ચીત્તહર ચોળી ચડે કાય,
અગને ખેચાય. શાણી. ૬.
અંગે ખેચીને અંબર ઓઢતી,
કેડે કુંચીઓ લટકતી જાય;
ઘેરે ખાવા નાય શાણી. ૭.
કર કંકણ ચુડી હેમની,
બાળા મુકી બંગડીને પેર;
સોને સુખ લેર શાણી. ૮.
વાક વાળેલા વળીયા પેરને,
હાથ હલાવી રાખો છો બાર;
રમો છાનો જાર. શાણી. ૯.
કેશ ઓળીને ગુચ્છને દેખતા,

મનમાં એમેં ગુણકા ધાર;
આડે સેંથે નાર. શાણી. ૧૦.

ચાંપ અબોડે ચોંપથી ધારતી,
ચિપીયા ચકલી બહુ ખોસ;
અંતર ધરી હોશ. શાણી. ૧૧.

પટીયા પાડીને પાન બીડી ગ્રહી,
હોઠ બનાવો હર્ષથી લાલ,
ચોડે ચાંદ ભાલ શાણી. ૧૨.

સાસુ શીખ જેઠ સસરા તણી,
લજજા મુકીને ફરવા હોંશ,
કહેતા કાઢો દોષ. શાણી. ૧૩.

ઘોડાગાડીએ ઘુંઘટ મેલીને,
પ્રીતે બેસો પ્રીતમની સાથ,
ગ્રહી યાર હાથ શાણી. ૧૪.

સુખ કાજે સપાટયુ પેરને,
જાર સાથે નાટક જોવા જાય;
જુગટું ખેલાય. શાણી. ૧૫.

સારી પાસા ગંજીપા ખેલતી,
પણ પામશો નરકનો દ્વાર,
નક્કી માનો નાર. શાણી. ૧૬.
એહ અ બર અવગુણ કાઢયને,
સજો શીયળરૂપી શણુગાર;
પતિ પ્રેમધાર. શાણી. ૧૭.
વેષ દેખી પાલણપુરે વેગથી,
કાઢ કહે મુનિ મણીલાલ;
ગોરી તજ એ ગાળ શાણી. ૧૮.

શાબાશ બ્હેનો શાબાશ! આ તો બહુજ સરસ શિખામણ લાયક કવિતા કહી, અને તેમાંથી તો હાલના જમાનાની સ્ત્રીઓને તો અવશ્ય શિખામણ ગ્રહણ કરવા લાયક છે.

## પાઠ ૧૯મો. સતીધર્મ. ૩.

સ્વાલ--પતિવૃત્તા સ્ત્રીએ પતિને વશ કરવાને માટે કાંઇ મંત્ર જંત્ર શીખવા કે કેમ?

જવાબ—સતી સ્ત્રી પાસે એક એવો જબરો મંત્ર છે, કે તે વડે પતિ વિગેરે સર્વેને વશ કરે છે ખરી, પણ લોકીક મંત્ર શીખતીજ નથી.

સ્વાલ-અહો બહેન ! ત્યારે તો તે મંત્ર અમોને શીખવશો કે ?

જવાબ—હા બ્હેનો, તમો સર્વેને તે મંત્ર શીખવીશ.

સ્વાલ—ત્યારે તો અમોને તે મંત્ર જલ્દી શીખવો.

જવાબ—હા બહેનો, ત્યારે હવે હું કહું તે મંત્ર ધ્યાન દઇ સાંભળો, હૃદયમાં ઉતારી રાખજો.

સ્વાલ—હા બહેન, તે મંત્ર કહો, અમો જરૂર હૃદયમાં ધારી તે મંત્ર વડેજ પતિ વિગેરે સર્વેને વશ કરીશું.

જવાબ—અહો બ્હેનો ! આ જગતમાં મ્હોટામાં મ્હોટો મંત્ર પતિ વિગેરેને વશ કરવાને વિનય (નમ્રતા) જેવો બીજો છેજ નહિ, માટે બ્હેનો તે વિનયરૂપી મંત્ર વડે સર્વનું મન હરણ કરી આ અવનિમાં અમર કીર્તિ કરો.

સ્વાલ—કહો બ્હેનો ! વિનય વિનાના લોકીક મંત્ર શીખતા શું ગેરલાભ થાય ?

જવાબ—અહો બહેનો ! બહુજ ગેરલાભ થાય છે.

સ્વાલ—બહેનો કહો જોઇએ વારૂ, શું શું ગેરલાભ થાય છે ?

જવાબ—બ્હેનો ! સાંભળો, પ્રથમ તો તેવા મંત્રો શીખવા માટે આપણે બાવા, જોગી, જતી, સન્યાશી કે ફકીર પાસે જઇએ ત્યારે તે લોકો પોતાનો સ્વાર્થ સાધવા, આપણુને પાસમાં પાડવા માટે, અનેક ભ્રમણાની વાતો કરી, આપણુને છેવટે અવળે રસ્તે દોરી, કુકર્ત્તવ્ય કરાવવા કોશીષ કરે છે, એટલે આપણે આપણા સ્વાર્થને અંગે અંધ બની તેની માગણી કબુલ કરવી પડે છે, અને છેવટે નીતિભ્રષ્ટ પણ થઇ જવાય છે; માટે તેવા મંત્રો નહિ શીખતાં ફક્ત વિનય રૂપી મહામંત્ર શીખવા સુરતા રાખવી.

સ્વાલ—મંત્ર, જંત્ર, ભુવા, જ્યોતિષ, નજર બાંધવી,

વિગેરે શું ખોટા હશે?

જવાબ—હા બ્હેનો, એક વાર નહિ પરંતુ હજાર કે લાખ વાર ખોટા જ છે

સ્વાલ—જો બહેન, જુઠા હોય તો ઘણી બાળાઓને તેમ કરતાં જોવામાં આવે છે તેનું શુ કારણ?

જવાબ—બ્હેનો, તમો બહુજ ભોળી લાગો છો. તે તો એક પેટ ભરવાનો ઉપાય છે. જેથી ભોળી ભામાઓને ભરમાવી પોતાનું કામ સાધી લે છે, અને વખતે શીયળથી પણ ભ્રષ્ટ કરી નાખે છે. બ્હેનો! તેવા મંત્ર તદ્દન ખોટા છે. માટે વ્હેમ દુર કરી વિનયરૂપી મહામંત્રનું સેવન કરો કે જેથી જગત આખું આપણા વશ થાય.

સ્વાલ—શીયળવંતી બાળાઓએ હંમેશાં કીંમતી શીખામણ લેવા માટે કયાં જવું?

જવાબ—શીયળવંતી બાળાઓએ પ્રાતઃકાળમાં ધર્માલયમાં આવી સામાયિકાદિક વ્રત લઇ વ્યાખ્યાન શ્રવણ કરવું, અને તેમાંથી સદ્ શીખામણો ગ્રહણ

કરવી; અને બપોરનાં વખતે નીતિનાં પુસ્તકો, જેવાંકે શ્રાવિકા સુબોધ દર્પણ, હિંદુ સંસાર સુધારક, શ્રાવિકા ભુષણ વિગેરે પુસ્તકો વાંચી સાર શોધવો એજ સાચી સતીનું કર્ત્તવ્ય છે.

---

## પાઠ ૨૦મો. સામાયિક.

સ્વાલ—સામાયિક શબ્દનો અર્થ શું?

જવાબ—વિષય અને કષાય ઉપશાત કરી જ્ઞાન, દર્શન અને ચારીત્રનો લાભ લેવો તે.

સ્વાલ—વિષય કેટલા, અને કયા કયા?

જવાબ—વિષય પાંચ; તે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ.

સ્વાલ—કષાય કેટલા, અને કયા કયા?

જવાબ—મૂળ કષાય ચાર; તે ક્રોધ, માન, માયા, અને લોભ. અને ઉત્તર ભેદ સોળ છે.

સ્વાલ—સામાયિકના પાઠ કેટલા અને કયા કયા?

જવાબ—આઠ પાઠ, તે ૧. નવકાર મંત્રનો, ૨. તી-

ખ્ખુત્તોનો, ૩. ઇરિયાવહિનો, ૪. તસ્સોત્તરીનો, ૫. લોગસ્સનો, ૬. સામાયિક લેવાને માટે દ્રવ્ય થકીનો, ૭. નમોથ્થુણ નો, ૮. સામાયિક છોડવાની વિધિનો.

સ્વાલ—પ્રથમ પાઠમાં શું ઓળખાવ્યું છે?

જવાબ—અરિહંત, સિદ્ધ, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુજી; એ પંચપરમેષ્ટિની ઓળખાણ બતાવી છે

સ્વાલ—બીજો પાઠ શુ ઉપયોગમા આવે છે?

જવાબ—પંચ પરમેષ્ટિને નમસ્કાર કરવામાં ઉપયોગી થઇ પડે છે.

સ્વાલ—ત્રીજો પાઠ શું સૂચવે છે?

જવાબ—હાલતા ચાલતા લાગેલ પાપની યાદી આપે છે

સ્વાલ—ચોથો પાઠ શું કામનો છે?

જવાબ—લાગેલ પાપ નિવારવાને માટે કાયોત્સર્ગ કરવાની વિધિ સૂચવે છે

સ્વાલ—કાયોત્સર્ગ કેમ કરવો?

જવાબ—જીભ, હોઠ, કાયા, દ્રષ્ટિ હલાવ્યા વિના શ્વાસોશ્વાસની સાથે હૃદયમાં ગણવો.

સ્વાલ—સામાયિક લેતા શેનો કાયોત્સર્ગ કરવો?

જવાબ—ઇરિયાવહીના પાઠનો કરવો.

સ્વાલ—કાયોત્સર્ગમાં આગાર કેટલા છે?

જવાબ—અણુચિંતવ્યા ૧૩ આગાર છે. તે છીંક, બગાસું, ઓડકારાદિક.

સ્વાલ—પાંચમો પાઠ શુ ઉપયોગી છે?

જવાબ—લાગેલા પાપનું નિવારણ થતાં ચોવીસ તિર્થંકર દેવની સ્તુતિ કરવાનો છે.

સ્વાલ—છઠ્ઠો પાઠ શું કામનો છે?

જવાબ—સામાયિક લેવાનો.

સ્વાલ—સામાયિક લેતાં શેના પ્રત્યાખ્યાન કરવા?

જવાબ—સાવદ્ય પાપકારી કામકાજ કરવાના

સ્વાલ—સામાયિકમાં સંસારની વાતુ નિંધા, ઝેર, વેર, કલેષ, વિગેરે કરવું કે કેમ?

જવાબ—નાજી, કોઈ પણ પ્રકારની સંસારને લગતી વાત કરવી જ નહી.

# વિકથા વર્જવા વિષે ગાયન.

( દેખ્યા નહીં કછુ સાર જગતમેં-એ રાગ. )

પ્રાતઃ સમે પચવીશ મળી બાઈ, આવે સાધુ પાસ;
જીનવર વાણી સુણવા પ્રેમે, બેસે ઠાંસોઠાંસ. (૨)
ભવી નર સુણો નારીની વાત, દેશપુરકી બાત ચલાવે;
કહેતા નાવે પાર. ( ૨ ) ભવી નર. ૧
વખાણ કેરી વાત ન રૂચે, ઉંઘે થઇ અજાણ;
ઝોલામાં તો ખબર ન પડે, શું વંચાય વખાણ. (૨)
ભવી નર. ૨
એક બાઈ તો ઉઠી ચાલી, બીજી પકડે છેલ;
બેની મારે તકેજ કરવી, છેડો મારો મેલ. ( ૨ )
ભવી નર. ૩
રામા રંગે થઈ એકઠી, કરે વાત વિચાર;
મારે ઘેર મહીષી દૂઝે, ઘૃતજ થાય અપાર. ( ૨ )
ભવી નર. ૪
એહવે એકજ બોલી ઉઠી, મારે વહુ ચંડાળ;
તેથી બાઈ હું વેલી જાઉં, કરવા ઘર સંભાળ. (૨)
ભવી નર. ૫

એક કહે છે મારે વહુ તો, વનીત બહુ સુજાણ;
મુજ આજ્ઞા વિણ કદી ન દીઠી, પીતા મેં તો પાણ. (૨)
ભવી નર. ૬

ધીરે રહીને એકજ બોલી, મારે કંથનુ દુ:ખ;
સાસુ તો સતાપ પમાડે, ન મળે નણદનું સુખ. (૨)
ભવી નર. ૭

માંહોમાંહે વાતો કરીને, કરે કર્મનો પોષ;
તેને શુદ્ધ ગતિ નવ થાયે, શાસ્ત્ર વિચારી જોષ. (૨)
ભવી નર. ૮.

વાતુ માંહી વ્રત કરીને, મૂકે વેતે પૂર;
મણીલાલ મુનિવર કહે છે, શુભ ગતિ તેને દૂર. (૨)
ભવી નર. ૯

સ્વાલ—સાવદ્ય યોગ કોને કહેવા?
જવાબ—મન યોગ, વચન યોગ, અને કાયા યોગ એ ત્રણેને પાપમાં ન પ્રવર્તાવવા તે
સ્વાલ—સામાયિક કેટલી કોટીએ લેવું?
જવાબ—છ કોટીએ લેવું.

સ્વાલ—છ કોટી કઈ કઇ સમજવી ?

જવાબ—૧. મને કરી પાપ કરવું નહી, ૨. મને કરી બીજા પાસે પાપ કરાવવું નહીં, ૩. વચને કરી પાપ કરવું નહી, ૪. વચને કરી બીજા પાસે પાપ કરાવવું નહી, ૫. કાયાએ કરી પાપ કરવું નહી, અને ૬. કાયાએ કરી બીજા પાસે પાપ કરાવવું નહી; આ છ ભાંગે શ્રાવકને પ્રત્યાખ્યાન સમજવા.

સ્વાલ—સાતમો પાઠ શું કામનો છે ?

જવાબ—તીર્થંકર દેવ, સીદ્ધ પરમાત્મા અને ગુરૂદેવની સ્તુતિ કરવાના કામનો છે.

સ્વાલ—આઠમો પાઠ શું કામનો છે ?

જવાબ—લીધેલ સામાયિકથી મુક્ત થવાની વિધિનો છે.

સ્વાલ—સામાયિક લેતી વખતે અને સામાયિકથી મુક્ત થતા કેટલા પાઠ કહેવા ?

જવાબ—સામાયીક લેતી વખતે આઠમો પાઠ વર્જિ સાત પાઠ કહેવા અને સામાયીક છોડતી વખતે છઠ્ઠો પાઠ વર્જિ બાકીના સાત પાઠ કહેવા.

સ્વાલ--સામાયીક લેતી વખતે પ્રથમ શું કરવું ?

જવાબ—પ્રથમ મુહુપત્તી જોવી, પછે કટાશણું, પું-
જણી, વસ્ત્રાદિક જોઈ સામાયીક લેવું.

## પાઠ ૨૧મો. પ્રતિક્રમણ. ૧.

સ્વાલ—શ્રાવીકાઓને અવશ્ય કરવા લાયક શું ?

જવાબ--પ્રતિક્રમણ-પાપનું નીવારણ.

સ્વાલ—પ્રતિક્રમણ શા માટે કરવું ?

જવાબ—જ્ઞાન, દર્શન, ચારીત્ર અને તપ સંબંધી
લાગેલ પાપ ટાળવા માટે

સ્વાલ—શ્રાવીકાઓને હંમેશાં કેટલા અતિચાર આ-
લોચવા ?

જવાબ—૯૯ અતિચાર આલોચવા

સ્વાલ—જ્ઞાનના અતિચાર કેટલા ?

જવાબ—જંવાઇદ્ધં આદિ ૧૪ અતિચાર જ્ઞાનના છે.

સ્વાલ—દર્શનના કેટલા અતિચાર ?

જવાબ—શંકા કંખાદિક પાંચ અતિચાર છે.

સ્વાલ—ચારીત્રના કેટલા અતિચાર છે ?

જવાબ—બંધે, વહે આદિ બાર વ્રત્તનાં ૬૦, અને ૧૫ કરમાદાનનાં એ સર્વ મળી ૭૫ અતિચાર ચારીત્રના જાણુવા.

સ્વાલ—તપના અતિચાર કેટલા ?

જવાબ--ઇહ લોગા શંસપઉગે, આદિ પાંચ અતિચાર તપના જાણુવા.

સ્વાલ—શ્રાવીકાઓને આદરવા લાયક વ્રત કેટલા અને કયા કયા ?

જવાબ—બાર વ્રત તે પાંચ અણુંવ્રત, ત્રણુ ગુણુવ્રત, અને ચાર શિક્ષાવ્રત.

સ્વાલ—અણુવ્રત કહેવાનો હેતુ શું ?

જવાબ--સાધુજી મહારાજ સર્વથા વ્રત પાળે છે, તેઓની અપેક્ષાએ શ્રાવીકાઓ મોટા મોટા પ્રત્યાખ્યાન કરે છે, માટે અણુવ્રત કહેલ છે.

સ્વાલ--પ્રથમ અણુવ્રતમાં શેના પ્રત્યાખ્યાન કરવા સુચવ્યું છે ?

જવાબ--દ્રષ્ટિએ આવતા જીવો જેવા કે બેઇંદ્રી, તેઇંદ્રી, ચોરેંદ્રી, અને પચેંદ્રીને ચર્મ ચક્ષુ વડે દેખી ઈરાદા પુર્વક મારવા નહી, અને સ્થાવર જીવોની મર્યાદા કરવી સુચવેલ છે, માટે બ્હેનો! ઘંટી, ખારણીયો, ચુલો, પાણીયારૂ, દાણા, લાકડા, છાણા, વિગેરે જોયા વિના વાપરવા નહીં, તેમજ અણ છાણ્યું પાણી વાપરવું નહી.

સ્વાલ--બીજા આણુવતમા શુ સુચવે છે?

જવાબ--વરકન્યા, ગાય, ભેંસ, અને જમીનાદિક માટે જુઠું ન બોલવું, જુઠી સાક્ષી ન પુરવી, કોઇના મર્મ ન પ્રકાશવા, તે સુચવ્યું છે.

સ્વાલ--બ્હેનો, ત્રીજા અણુવતમાં શું સુચવ્યું છે?

જવાબ--ચોરની માફક ચોરી ન કરવી, ઘરમાં અગર બાહાર તાળાપર કુંચી લાગુ કરી ચોરીઓ ન કરવી, અર્થાત્ રાજ ગુન્હો લાગુ પડે તેવી ચોરી કરવી નહી.

સ્વાલ--બ્હેનો, ચોથા અણુવતમાં શું સુચવે છે?

જવાબ—પર પુરૂષનો, સ્પર્શ સ્વપ્નાંતરમાં પણ ઇચ્છવો નહી, અને સ્વપતિથી સંતોષ રાખી ક્રમે ક્રમે વિષયવાસના કમી કરવા સુચવ્યું છે.

સ્વાલ—બ્હેનો, પાંચમાં અણુવ્રતમાં શું સુચવે છે?

જવાબ—હીરણ, સુવર્ણ, ધન, ધાન, દુપદ, ચૌપદાદિક નવ પ્રકારના પરિગ્રહ ઉપરથી ક્રમે ક્રમે મુર્છા કમી કરવા સુચવ્યું છે.

## પાઠ ૨૨મો. પ્રતિક્રમણ. ૨.

સ્વાલ—બ્હેનો, છઠ્ઠા ગુણવ્રતમાં શુ સુચવ્યું છે?

જવાબ—ઉંચી, નીચી, અને ત્રીછી દિશામાં જળ રસ્તે અને સ્થળ રસ્તે, અમુક હદ ઉપરાંત જાવજીવ સુધી ન જવા સુચવ્યું છે

સ્વાલ—સાતમા ગુણવ્રતમાં શું સુચવ્યુ છે?

જવાબ—એકવાર ભોગવાય તેવી ચીજ જે અન્ન, પાણી, આદિ અનેક વારંવાર ભોગવાય એવા જે ઘરેણાં, લુગડાદિક ૨૬ બોલની મર્યાદા કરવા સુચવ્યું છે.

સ્વાલ—મહા કર્મ આવવાના કારણ કેટલા ?

જવાબ—૧૪ કર્માદાન તે ભઠ્ઠીચો પડાવવી, લીલા વન વઢાવવાદિક છે

સ્વાલ—આઠમા ગુણવ્રતમા શુ સુચવ્યું છે ?

જવાબ—જેઓને બહુજ બોલવાનો સ્વભાવ છે, તેવા પ્રાણી સ્વસ્વાર્થ વિના પાપકારી કામનો આદેશ આપ્યા જ કરે છે, તેમ તેવા પ્રકારના વચનો ન બોલવા સુચવે છે, તથા હીંસાકારી બોધ ન આપવો તથા પ્રમાદને વશ ઘી, દુધ, દહીં, તેલ, એઠવાડ, વિગેરેના ઠામો ઉઘાડા ન મુકવા, વિગેરે આ વ્રતમાં સુચવ્યું છે

સ્વાલ—નવમા શિક્ષાવ્રતમાં શુ સુચવ્યું છે ?

જવાબ—સામાયિક લેવાની વિધિ બતાવેલ છે

સ્વાલ—દશમા શિક્ષાવ્રતમાં શુ સુચવ્યુ છે ?

જવાબ—હમેશા છ દિશાઓમા જવાની મર્યાદા કરવી. અને દશમું વ્રત કેમ આદરવું તે વિધિ સુચવેલ છે

સ્વાલ—અગીઆરમાં શિક્ષાવ્રતમા શું સુચવ્યું છે ?

જવાબ—અહોરાત્રી પ્રતીપુર્ણ પોષો લેવા સુચવ્યું છે.

અને પોષામાં શું શું વસ્તુઓનો ત્યાગ કરવો તે કહેલ છે, તથા પોષામાં કેમ ક્રીયા કરવી તે સર્વ સુચવેલ છે.

સ્વાલ—બારમાં શિક્ષાવ્રતમાં શું સુચવ્યું છે ?

જવાબ—સાધુ, સાધ્વીને કલ્પે તેવા દાન દેવાની વિધિ સુચવી છે.

સ્વાલ—સાધુ, સાધ્વીને કેટલા પ્રકારનું દાન દેવું ?

જવાબ—૧૪ પ્રકારનું દાનાદિક દેવું, પરંતુ સાધુ, સાધ્વી માટે રાંધીને દેવાની મનાઇ કરેલી છે, અને તેવા પ્રકારનાં દાન દેવાથી કઠીણ કર્મ બાંધી નરકમાં જવું પડે છે, માટે નિર્દોષ દાન દેવા પુરૂષાર્થ કરવો.

સ્વાલ—પ્રતિક્રમણ કરી રહ્યા બાદ શેના પ્રત્યાખ્યાન કરવા ?

જવાબ—ચારે પ્રકારના અહાર ત્યાગ કરવા.

સ્વાલ—રાત્રીએ ચારે આહાર ત્યાગ કરવાથી શું લાભ થાય ?

જવાબ—પ્રથમ શરીરની રક્ષા થાય છે, કેમકે રાત્રીએ દ્રષ્ટી નહી પડતાં જું પેટમાં જાય તો જળોદર થાય, કીડી જાય તો કીડીયાળું, કરોળીયો જાય તો શરીરમાં કરોળીયા નીકળવાની સાથ બુદ્ધિ નષ્ટ થાય, જેથી શરીર રક્ષણાર્થે રાત્રીએ નહી જમવું; અને રાત્રીએ નહી જમતા ઉડતા પ્રાણીઓનો બચાવ થાય છે, એજ અપુર્વ લાભ બ્હેનો મળે છે માટે સુજ્ઞોએ સર્વથા રાત્રી ભોજન ત્યાગવું.

---

## પાઠ ૨૩મો. જીવ.

સ્વાલ—ચેતનને કેટલા નામોથી બોલાવાય ?

જવાબ—ચાર નામથી. તે પ્રાણી, ભુત, જીવ, અને સત્વ પણ કહેવાય છે.

સ્વાલ—પ્રાણી કોને કહેવો ?

જવાબ—પ્રાણ ધારણ કરે તેને પ્રાણી કહેવો.

સ્વાલ—પ્રાણ કેટલા અને કયા કયા ?

જવાબ—પ્રાણ ૧૦ તે ૧ શ્રોતેંદ્રી પ્રાણ (કાન), ૨. ચક્ષુઇંદ્રી પ્રાણ (આંખ), ૩ ઘ્રાણઇંદ્રી પ્રાણ

( નાક ), ૪. રસઇંદ્રી પ્રાણ ( જીભ ), ૫. સ્પર્શ ઇંદ્રી પ્રાણ ( શરીર ), ૬ મનબળ પ્રાણ, ૭. વચન બળ પ્રાણ, ૮ કાયબળ પ્રાણ, ૯. શ્વાસોશ્વાસ પ્રાણ, અને ૧૦. આયુષ્ય પ્રાણ, એ દસ પ્રાણ.

સ્વાલ—ભુત કોને કહેવો ?

જવાબ—પુર્વ કાળે હતો, વતમાન કાળે છે, અને આવતે કાળે હોશે તેને ભુત કહી બોલાવાય.

સ્વાલ—જીવ કોને કહેવો ?

જવાબ—આયુષ્ય કર્મે કરી જીવે તેને જીવ કહી બોલાવાય.

સ્વાલ—સત્વ કોને કહેવો ?

જવાબ—સુખ દુઃખ વિગેરેને અનુભવે તેને સત્વ કહેવો.

સ્વાલ—જીવના ભેદ કેટલા ?

જવાબ—આ લોકમાં જીવો અનંતા છે, પરંતુ તે સર્વે જીવોને ૫૬૩ ભેદમાં સમાવેલ છે.

સ્વાલ—૫૬૩ ભેદનું વર્ણન ટુંકામાં કહો બ્હેનો.

જવાબ—૧૪ ભેદ નારકીના, ૪૮ ભેદ તિર્યંચના, ૩૦૩ ભેદ મનુષ્યના, અને ૧૯૮ ભેદ દેવતાના, એમ

સર્વ મળી ૫૬૩ ભેદ જ્ઞાની માહારાજે કહેલ છે.

સ્વાલ—રત્નપ્રભાદિક નરકમાં જનાર જીવોને દુઃખ કેટલું હશે?

જવાબ—અનંતુ દુઃખ છે અને તે નારકીનાં જીવોને હમેશાં પરમાધામી માર્યાજ કરે છે.

સ્વાલ—નરકમાં શું કર્તવ્ય કરવાવાળો જાય?

જવાબ—પ્રાણી ( જીવ ) વધ કરનાર, અન્યાય, અનીતિથી પૈસા મેળવનાર, દારૂ પીનાર, માંસ ખાનાર, ચોરી કરનાર, જુગટીયા, વ્યભિચારાદિક કર્ત્તવ્ય કરનાર જાય છે; માટે તે કર્ત્તવ્ય ન કરવું.

સ્વાલ—નારકીનાં જીવોનું આયુષ્ય કેટલું?

જવાબ—થોડામાં થોડું દશ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટુ ૩૩ સાગરનું હોય છે.

સ્વાલ—તિર્યંચના ૪૮ ભેદ માંહેલા કેટલાક નામો કહો

જવાબ—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ, બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌઇદ્રી, જળચર પચેંદ્રી, થલચર પચેદ્રી, ઉરપર, ભુજપર, અને ખેંચરપક્ષીપચેંદ્રી એ સર્વના સવિસ્તારે ૪૮ ભેદ થાય છે.

સ્વાલ—તિર્યંચગતિમાં શું કર્ત્તવ્ય કરવાથી જવાય ?

જવાબ—છળભેદ, માયા, કપટ અને વિશ્વાસઘાતાદિક કરવાથી.

સ્વાલ—તિર્યંચ જીવોનું આયુષ્ય કેટલું ?

જવાબ—જઘન્યમાં જઘન્ય તો અંતર્મુહુર્તનું અને ઉત્કૃષ્ટુ ત્રણ પલ્યોપમનું હોય છે.

સ્વાલ—મનુષ્યના કેટલા ભેદ અને કયા કયા ?

જવાબ—૩૦૩ ભેદ તે ૧૫ કર્મભુમીના મનુષ્ય, ૩૦ અકર્મ ભુમીના મનુષ્ય, અને ૫૬ અંતરદ્વીપાના મનુષ્ય, એ ૧૦૧ ક્ષેત્રના ગર્ભજનાં અપર્યાપ્તા અને ૧૦૧ ના પર્યાપ્તા અને ૧૦૧ ક્ષેત્રના સમુર્છિમ મનુષ્યના અપર્યાપ્તા એવા ૩૦૩ ભેદ જાણવા.

સ્વાલ—સમુર્છિમ કોને કહેવા ?

જવાબ—માતા પીતાના સંયોગ વિના અશુચી પદાર્થ માંહેથી એકદમ ઉત્પન્ન થાય તે.

સ્વાલ—ગર્ભજ કોને કહેવા ?

જવાબ—માતા, પિતાનાં સંયોગથી ઉત્પન્ન થાય તેને.

સ્વાલ—શું કર્ત્તવ્ય કરવાથી મનુષ્ય મરી મનુષ્ય થવાય ?

જવાબ—ભદ્રીક પ્રણામ રાખવાથી, માન અને અહંકાર વર્જિ સર્વ સાથે નમ્રતા રાખવાથી મનુષ્ય થવાય.

સ્વાલ—મનુષ્યનું આયુષ્ય કેટલું?

જવાબ—થોડામાં થોડુ અંતર્મુહુર્તનું, અને વધુમાં વધુ ત્રણ પલ્યોપમનું હોય છે

સ્વાલ—ગર્ભમા આડો કોણ આવે બહેનો?

જવાબ—જેણે વર્ણવદ્ધ કર્મ બાંધ્યુ હોય તે.

સ્વાલ—બહેનો, વર્ણવદ્ધ કર્મ શુ કરવાથી બંધાય?

જવાબ—તીર્થંકરદેવ, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધવીજી, શ્રાવક, શ્રાવીકા, ઘણા જીવોનું રક્ષણ કરતો હોય, એવા દાનેશ્વરી યા પાળક પુરૂષોનું વાકુ બોલનાર, અને તેના જશને ખંડનાર જીવ ગર્ભમાં આડો આવે. અને છેવટે અધુરે આવખે અકાળ મૃત્યુ થાય છે માટે બહેનો! કોઇના અવર્ણવાદ બોલશો નહી

સ્વાલ—દેવતાના ભેદ કેટલા અને કયા કયા?

જવાબ—મૂળ ભેદ ચાર તે ભવનપતિદેવો, વ્યંતરદેવો, જ્યોતિષદેવો, અને વૈમાનીકદેવો, એ સર્વના મળી

વિસ્તારે ૧૯૮ ભેદ થાય છે.

સ્વાલ—શું કર્ત્તવ્ય કરવાથી દેવગતિમાં જવાય ?

જવાબ—સામાયિક, પોષાદિક, સંવર કરણી ઇચ્છાથી કરનાર; દાન, પુણ્ય, સત્ય, શીયળાદિક, સદ આચરણ આચરવાથી દેવગતીમાં જવાય છે.

સ્વાલ—દેવતાઓનું આયુષ્ય કેટલું ?

જવાબ—જઘન્ય દશહજાર વર્ષનું, અને ઉત્કૃષ્ટુ તેત્રીસ સાગરનું હોય છે.

સ્વાલ—શું કર્ત્તવ્ય કરવાથી કર્મથી મુક્ત થવાય ?

જવાબ—જ્ઞાન, દર્શન, ચારીત્ર, અને તપ, એ ચારને શુદ્ધ ભાવે આરાધતાં કર્મ રહીત થવાય છે.

---

## શીયળ પચીશી.

( રાગ—બનઝારો. )

સહુ શીયળ પાળો નરનારી, જેથી મળે મોક્ષની બારી. ટેક.
વીતરાગ ઉપદેશે ભાઇ, ચારે પ્રકારે ધર્મ જણાઇ;
દાન શીયળ તપ ભાવકારી, સહુ. ૧.

ચિત્ત વિત્ત તણે અનુસારે, દયા દાનજ હોય ભારે;
તપ ભાવથી સુખ અપારી, સહુ ૨.
પણ દુક્કર શીયળ પાળેવો, ચંચળ ચિત્ત સ્થિર રાખેવો;
નહીં સોહીલો તેહ લગારી, સહુ ૩
જુઓ કામથી લંકારાય, જેનું જગમા નામ ગવાય;
મરી ગયો નરક મોઝારી, સહુ ૪
ખંડ ધાતકી કેરો ભુપ, કીધું દારા કેરૂં સ્વરૂપ;
દ્રૌપદીએ લીધો ઉગારી. સહુ ૫
રાય સાળો કીચક જાણ્ય, સતીપર કરી બહુ તાણ્ય;
ભીમે પહોંચાડયો જમ દ્વારી, સહુ. ૬
મયણરેહા બંધવ નીર, મણીરથ મોહ્યા તીણવાર;
ભાઇ મારતા ગયો ભવહારી, સહુ ૭
શીયળથી સુખ અપાર, જુઓ શેઠ વીજય કુમાર,
પરણી લાવ્યા વીજીયા કુમારી, સહુ ૮
શેઠ કહે સુણોને રાણી, વ્રત્ત નિર્મળ જે ગુણખાણી;
લીધો શુકલ પક્ષ સુખકારી, સહુ. ૯
પ્રેમે સુણી પિયુની વાણી, વિજીયા મનમા અકુળાણી;

કહે પ્રીતમને પ્રેમ ધારી, સહુ. ૧૦
સ્વામી શિખ સુણો એક મારી, તુમે પરણો દુજી નારી;
મારે વ્રત છે પક્ષ અંધારી, સહુ. ૧૧
શેઠે સાંભળી સંતોષ કીધો, દુજી વરવા ચિત્ત ન દીધો;
રંગે રહે ઘરમાં નર નારી, સહુ. ૧૨
એક પલંગે પોઢી વ્રત પાળી, આઠ કર્મને દીધાં બાળી;
પામ્યા અક્ષય પદ પતિ પ્યારી, સહુ. ૧૩
રાય સંખ ઘરે કળા રાણી, બેરખા દેખી બોલે વાણી;
નામ ન દીધે રીસ અપારી, સહુ. ૧૪
હાથ કપાવી વનમાં મેલી, સુત જનમે થઈ ઘેલી;
સુચી કરવા જોઇએ વારી, સહુ. ૧૫
સતી રૂદન અતી ઘણું કરતી, આવી સાનિધ દેવી ફરતી;
દેખી કાળજું જાય કટારી, સહુ. ૧૬
પાણીઓ ફેર ફરતા કીધા, હાથ નવ પલ્લવ કરી દીધા;
જુઓ જુઓ શીયળ બલીહારી, સહુ. ૧૭
સાધુ આંખેથી કાઢયું તરણું, માથે આવ્યું સુભદ્રા મરણું;
કીધો અઠમ બાઇએ તેણીવારી, સહુ. ૧૮

હેવે દરવાજા બંધ કીધા, કાચે તાંતણે પાણી કાઢી લીધા;
પોળ્યું ઉઘાડી કલંક નીવારી, સહુ. ૧૯
સુદર્શન શેઠજ સાર, અભીયા કપિયા બેહુ નાર;
તેણે દુઃખ દીધું અતિ ભારી, સહુ. ૨૦
રાજા તે વખતે ત્યાં આવી, શેઠને સૂળીએ ચડાવી;
કીધી સાર સુરે તેહી વારી સહુ. ૨૧
સૂળી ફીટી સીંઘાસન કીધો, શીયળ મહીમા ફેલાવી દીધો;
ધન્ય તે નરને બલીહારી, સહુ. ૨૨
શીયળ પાળી તર્યા નરનાર, તેહી કેતા નાવે પાર;
જુઓ શાસ્ત્ર માંહી બિચારી. સહુ ૨૩
નર નારી શીયળ પાળશે, તે તો ભવાબ્ધી પાર ઉતરશે;
થશે જગમાં જશ અપારી, સહુ. ૨૪
શશી નિધિ વ્યસન ખગ વરસે, ચોંપે ચોમાસુ રહી ઉલ્લાસે;
પ્રેમે પાલણપુર મોઝારી, સહુ. ૨૫
દેખો કષ્ટ શીયળથી કાપે, ગુરૂ મોહનલાલ પ્રતાપે;
કહે મણીલાલજી આવારી, સહુ. ૨૬

ॐ शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત.

